**સુવિચાર**

કોઈ ભૂલી જાય તો ગભરાશો નહિ સાહેબ, જ્યારે તમારું કામ પડશે ને ત્યારે એ તમને શોધી કાઢશે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




જેતપુરમાં આડા સબંધના કારણે કુખ્યાત શખ્સની હત્યા કરનાર બે મહિલા સહિત છ ઝડપાયા
P-4

Year-16, Issue-37 ■ DATE : 21-05-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નૈઋત્યના ચોમાસાના આગમન પહેલા જ ગુજરાતમાં ૭ દિવસ વરસાદની આગાહી



## ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર અને અમરેલીમાં ભારે પવન સાથે વરસાદની આગાહી, ૬૨થી ૮૭ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાનું આગમન થાય એ પહેલાં જ વરસાદી માહોલ છવાયો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં ક્યાંક છૂટાછવાયા તો ક્યાંક ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ચાર-પાંચ દિવસમાં નૈઋત્યનું ચોમાસું કેરળ પહોંચી જાય એવી શક્યતા છે. એની અસર ગુજરાત પર પણ જોવા મળશે. ગુજરાત પર હાલ એકસાથે બે સિસ્ટમ સક્રિય થઈ હોવાને કારણે ૨૬ મે સુધી વરસાદી માહોલ રહેશે. આજે ૨૧ જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે સવારથી જ સુરતમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. સુરતના અડાજણ, પાલ, રાંદેર અઠવાલાઈન્સ વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગે આગામી ૩ કલાક માટે આગાહી કરી છે, જેમાં ગુજરાત રાજ્યના જિલ્લાઓ જેમ કે ગીર-સોમનાથ, દીવ, જૂનાગઢ, પોરબંદર, અમરેલીમાં છૂટાછવાયા સ્થળોએ ૬૨-૮૭ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ભારે વાવાઝોડા સાથે વરસાદ માટે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

અન્ય જિલ્લાઓમાં ૪૧-૬૧ કિમી પ્રતિ કલાકની ઝડપ સાથે મધ્યમ વાવાઝોડા અને ગાજવીજ સાથે સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, દમણ, દાદરા નગરહવેલી જેવા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. એ સિવાય દાદરા નગરહવેલી, ભરૂચ, નર્મદા, વડોદરા, છોટા ઉદેપુર, દાહોદ, ભાવનગર, બોટાદ, રાજકોટ, અમદાવાદ, દેવભૂમિ દ્વારકા, જામનગર, આનંદ, ખેરા, પંચમહાલમાં મધ્યમ વરસાદની આગાહી છે.

તે સિવાય મોરબી, સુરેન્દ્રનગર, મહિસાગર જેમાં હળવા વરસાદ માટે યલ્લો એલર્ટ આપવામાં આવ્યું છે.

રાજ્યમાં આગામી ૭ દિવસ છૂટાછવાયાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. કેરળમાં ૪ દિવસ બાદ વરસાદનું આગમન થશે. રાજ્યમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આવતીકાલથી રાજ્યમાં વરસાદની ગતિમાં વધારો થશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે કર્ણાટકનાં દરીયાકિનારા પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં વાવાઝોડાની સિસ્ટમ આકાર લઈ રહી છે. ૨૪ કલાકમાં લો-પ્રેસર બનશે અને તે શકિતશાળી બનવા સાથે ઉતર તરફ આગળ વધશે.

સાયકલોનિક સરકયુલેશનના પ્રભાવ હેઠળ મહારાષ્ટ્ર સહીતનાં રાજયોમાં વરસાદી ગતિવિધી જોર પકડવાની તથા ૫૦-૬૦ કીમીની ઝડપના પવન સાથે વરસાદ થવાની શકયતા છે.

મૂંબઈ સહિતના ભાગોમાં ગઈ મોડીસાંજે જોરદાર વરસાદ ખાબકયો હતો અને અનેક ભાગો જળબંબાકાર બન્યા હતા. જોગેશ્વરીમાં એક કલાકમાં અઢી ઈંચ (૬૩ મીમી પાણી વરસ્યુ હતું) અંધેરી, મલાડ,કાંદીવલી, બોરીવલી, મીરારોડ, જેવા પરા વિસ્તારોમાં પણ ભારે વરસાદ થયો હતો. સાકીનાકા તથા અંધેરી સ્ટેશન વચ્ચે જળબંબાકારથી ટ્રાફિક જામ હતો.

ગુજરાતમાં પણ વરસાદી ગતિવિધી વધી હોય તેમ રાજયના ૩૧ તાલુકામાં અઢી ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. સિસ્ટમ આગળ વધવા સાથે વરસાદનું જોર વધવાની શકયતા છે.

બીજી તરફ હવામાન વિભાગ દ્વારા દિલ્હી, પંજાબ, હરીયાણા, ઉત્તર પ્રદેશ જેવા રાજયોમાં પણ હવામાન પલટો થવા સાથે વરસાદ થવાની આગાહી કરી છે.

# અબુઝમાડના જંગલમાં ૨૭ નકસલીઓનું એન્કાઉન્ટર

## ૨૦ મૃતદેહ-હથિયારો મળી આવ્યા, ગોળીબાર ચાલુ



**મુખ્ય સમાચાર, જગદલપુર**

નારાયણપુર જિલ્લાના અબુઝમાડ જંગલમાં બુધવારે સવારે સુરક્ષા દળોએ ૨૭ નક્સલીઓને ઠાર માર્યા હતા. ૨૦ લોકોના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા છે. માર્યા ગયેલા નક્સલીઓમાં બસવા રાજુનો પણ સમાવેશ થતો હતો, જેના માથા પર ૧.૫ કરોડ રૂપિયાનું ઈનામ હતું. આ એન્કાઉન્ટર દંતેવાડા, નારાયણપુર અને બીજાપુર જિલ્લાની સરહદ પર ચાલી રહ્યું છે.

પોલીસને માહિતી મળી હતી કે નક્સલવાદી પોલિટબ્યુરોનો સભ્ય અને નક્સલવાદી સંગઠનનો મહાસચિવ બસવા રાજુ અબુઝમાડના બોટેરમાં હાજર છે. આ આધારે ફોર્સ રવાના કરવામાં આવી હતી. સૈનિકો અબુઝમાડના બોટર પહોંચ્યા કે તરત જ નક્સલીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો. રાજ્યના ગૃહમંત્રી વિજય શર્માએ પણ એન્કાઉન્ટર અંગે માહિતી આપી છે. તેમના મતે, ગોળીબારમાં એક સૈનિક ઘાયલ થયો છે. તેમની હાલત ખતરાથી બહાર છે.

પોલીસે ૭ દિવસ પહેલાં એક પ્રેસ-કોન્ફરન્સમાં કર્રેગુટ્ટા ઓપરેશન વિશે માહિતી આપી હતી. છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર આવેલા કર્રેગુટ્ટા પહાડીઓમાં ૨૪ દિવસ ચાલેલા ઓપરેશનમાં સુરક્ષા દળોએ ૩૧ નક્સલીને ઠાર માર્યા હતા, જેમાં ૧૬ મહિલા અને ૧૫ પુરુષ નક્સલીનો સમાવેશ થાય છે. ભાસ્કરે પહેલાંથી જ અહેવાલ આપ્યો હતો કે ૩૧ નક્સલી માર્યા ગયા છે.

નક્સલી સૂત્રોના જણાવ્યા અનુસાર, છત્તીસગઢમાં છેલ્લાં ૪૦ વર્ષમાં હિડમા એકમાત્ર નક્સલી છે, જેને સંગઠનની ટોપ-૨ ટીમ (સેન્ટ્રલ કમિટી)માં સ્થાન મળ્યું છે. તે પણ જ્યારે નક્સલ સંગઠનમાં આંતરિક સંઘર્ષ હતો એ સમયે તેનો બસ્તરના નક્સલવાદીઓનો માત્ર ઢાલ તરીકે ઉપયોગ કરવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

દેવા બારસેને DVCM પદ પરથી બઢતી આપવામાં આવી અને DKSZCM કેડરમાં સામેલ કરીને કમાન્ડર બનાવવામાં આવ્યો.

# દેશમાં ૪૮% વાહનો વીમા વગર દોડી રહ્યા છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની સૌથી મોટી જનરલ ઈન્સ્યોરન્સ કંપની ન્યૂ ઈન્સ્યોરન્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ગિરિજા સુબ્રમણ્યમ જણાવ્યું હતું કે ભારતમાં ઘણા વાહનો વીમા વિના ચાલી રહ્યા છે. તેમનો સંપૂર્ણ ડેટા ઉપલબ્ધ છે પરંતુ તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. સુબ્રમણ્યમે એક મુલાકાતમાં કહ્યું હતું કે ફક્ત ૫૨% વાહનોનો વીમો છે. ડેટા હોવા છતાં ઘણા વાહનો વીમા વિના ચાલી રહ્યા છે. આનું કારણ એ છે કે વીમા લાગુ કરવાનો કોઈ મજબૂત રસ્તો નથી. આ અકસ્માત પીડિતો અને વીમા -ણાલી માટે ખતરો છે.

સુબ્રમણ્યમે થર્ડ પાર્ટી મોટર વીમાના પ્રીમિયમમાં વધારો કરવાની વાત કરી. આ પ્રીમિયમ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવે છે. તેમણે કહ્યું, અકસ્માત પીડિતોને કોર્ટ જે વળતર આપી રહી છે તે મોંઘવારી સાથે વધી રહ્યું છે. પરંતુ છેલ્લા પાંચ-છ વર્ષથી થર્ડ પાર્ટી પ્રીમિયમમાં વધારો કરવામાં આવ્યો નથી. અમને આશા છે કે MoRTH આ વર્ષે તેમાં વધારો કરશે. આનો અર્થ એ છે કે વીમા કંપનીઓ અકસ્માતમાં ઘાયલ લોકોને વધુ પૈસા ચૂકવી રહી છે, પરંતુ તેમની પાસેથી પ્રીમિયમ તરીકે ઓછા પૈસા લઈ રહી છે. તેથી, તેઓ ઇચ્છે છે કે સરકાર પ્રીમિયમ દરમાં વધારો કરે.

જુલાઈ ૨૦૧૮ માં, સુપ્રીમ કોર્ટે વીમા કંપનીઓને લાંબા ગાળાના મોટર થર્ડ પાર્ટી કવર જારી કરવાનો આદેશ આપ્યો હતો. આ એટલા માટે કરવામાં આવ્યું હતું જેથી રસ્તાઓ પર વીમા વિનાના વાહનો ઓછા હોય. આ પછી, વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ એ પણ એક આદેશ જારી કર્યો. આદેશમાં કહેવામાં આવ્યું હતું કે બધી નવી કાર માટે ત્રણ વર્ષનું થર્ડ પાર્ટી કવર ફરજિયાત રહેશે અને બધી નવી ટુ-વ્હીલર માટે પાંચ વર્ષનું. પરંતુ વાસ્તવમાં, નોંધાયેલા વાહનોની સંખ્યા કરતા ઘણી ઓછી વીમા પોલિસી છે. એટલે કે, કાગળ પર બધું બરાબર છે, પરંતુ વાસ્તવમાં ઘણા લોકોને વીમો મળી રહ્યો નથી.

ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ મોટર વીમામાં તેનો બજાર હિસ્સો પાછો મેળવવા માંગે છે. હાલમાં, કંપની પાસે મોટાભાગે કોમર્શિયલ વાહનોનો વીમો છે. આ વાહનોના વીમામાં પણ દાવાઓ વધુ છે. તેથી, કંપની હવે ખાનગી કાર અને ટુ-વ્હીલર્સના વીમા પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. જોકે, આ સેગમેન્ટમાં કમિશન ખર્ચ વધારે છે. સુબ્રમણ્યમે કહ્યું, અમે આવતા વર્ષે આના પર કામ કરીશું અને મને લાગે છે કે અમે તે કરી શકીશું.


ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ તેની ડિજિટલ હાજરી પણ વધારી રહ્યું છે. આ માટે, કંપની ઓનલાઈન એગ્રીગેટર્સ અને ફોનપે જેવા વિતરણ




પ્લેટફોર્મ સાથે કામ કરી રહી છે. સુબ્રમણ્યમે કહ્યું, તે સારું ચાલી રહ્યું છે, પરંતુ સુધારા માટે અવકાશ છે. અત્યાર સુધી તેની બહુ અસર થઈ નથી, પરંતુ અમે તેના પર વધુ ધ્યાન આપવાની યોજના બનાવી રહ્યા છીએ. ન્યૂ ઇન્ડિયાએ IRDAI દ્વારા પ્રમોટ કરાયેલ ઇન્શ્યોરન્સ માર્કેટપ્લેસ બિમા સુગમમાં પણ રોકાણ કર્યું છે. બિમા સુગમ એક એવું પ્લેટફોર્મ છે જ્યાં લોકો વિવિધ વીમા કંપનીઓની પોલિસીઓની તુલના કરી શકે છે અને તેમની જરૂરિયાત મુજબ પોલિસી ખરીદી શકે છે.

# ફકત નવ દિવસમાં જ બ્લડ કેન્સર નાબુદ થશે

## તામિલનાડુની ક્રિશ્ચીયન મેડીકલ કોલેજ - આઈસીએમઆર દિલ્હીને સફળતા



**મુખ્ય સમાચાર, ચેન્નઈ**

દેશમાં કેન્સરની વધતી જતી બિમારી અને તેમાં અસાધ્ય જેવા બ્લડ કેન્સર એટલે કે રકતના કેન્સરમાં તો મોંઘા ઈલાજો બાદ પણ દર્દીને જીવિત રહેવાની શકયતા નહીવત છે. તેમાં ભારતીય તબીબોએ આ રકત કેન્સરનો કામીયાબ ઈલાજ શોધી કાઢયાનો દાવો થયો છે.

વિખ્યાત ક્રિશ્ચીયન મેડીકલ કોલેજ વેલ્લોરના તબીબોએ આઈસીએમઆરની સાથે આ સફળ કામગીરી કી છે જેને વેલકારટી નામ અપાયું હતું અને પ્રથમ વખત કાર-ટી સેલ્સ પ્રયોગશાળામાં બનાવાયા હતા અને તેમાં ૮૦% દર્દીઓને ૧૫ માસ બાદ કેન્સરની મુક્તિ મળી હતી પણ આ કેન્સર ખત્મ થવામાં ફકત ૧૫ દિવસનો ઈલાજ કરવામાં આવ્યો હતો.

આઈસીએમઆર દિલ્હીએ આ અંગે જાહેરાત કરી છે અને કેન્સરનો ઈલાજ સસ્તો-ઝડપી અને સટીક કરી શકાય છે. ભારતમાં આ માટે સ્વદેશી બાયોથેરાપીનો ઉપયોગ કરાયો હતો. આ કેન્સરના ઈલાજના પરિણામો મોલિકયુલર થેરાપી એન્કોલોજી જર્નલમાં પણ પ્રસિદ્ધ કરાયા છે. જેમાં તબીબો છે.

કાર-ટી-થેરપીના માધ્યમથી એકયુટ લિમ્ફોપ્લાસ્ટીક લ્યુકેમિયા (એ.એલ.એલ.) અને લાર્જ બી સેલ્સ લિમ્ફોમા (એલબીસીએલ)નું પરિક્ષણ દર્દી પર કર્યુ હતું. આ બન્ને ફકત કેન્સરના પ્રકાર છે અને દર્દીમાં ટી-સેલ્સ (જે રોગપ્રતિકારક કોશિકાઓ છે) તેને કેન્સરની સામે લડવા તૈયાર કરવામાં આવી હતી.

આઈસીએમઆરના પ્રથમ ટ્રાયલના પરિણામો જાહેર કર્યા છે. જેમાં એએલએલ- કેન્સરની પ્રભાવિત તમામ દર્દીઓ સ્વસ્થ થઈ ગયા છે. જયારે બીજા પ્રકારના એટલે કે એલબીસીએલ પ્રકારના કેન્સરના ૫૦ દર્દીઓ સ્વસ્થ થયા છે અને કુલ ૮૦% દર્દીઓ ૧૫ માસ બાદ કેન્સર ફ્રી જાહેર કરાયા હતા. વિશ્વમાં કાર-ટી સેલ્સ જોગવાઈમાં ૪૦ દિવસનો સમય લાગે છે પણ ભારતમાં તે ફકત ૧૫ દિવસમાં કરાયો છે.

# ગુજરાતમાં સાવજની સંખ્યા ૮૯૧એ પહોંચી

## સિંહની વસ્તીના આંકડા જાહેર કરતા મુખ્યમંત્રીઃ ૧૯૬ નર, 330 માદા, ૧૪૦ પાઠડા અને ૨૨૫ બચ્ચા નોંધાયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં સિંહની વસતીનો આંકડો જાહેર કરવામાં આવ્યો. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે સત્તાવાર આંકડો જાહેર કર્યો. ગુજરાતમાં હાલ ૮૯૧ સાવજ છે. વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં અંદાજે ૬૭૪ સિંહ હતા. વર્ષ ૨૦૨૫માં ૮૯૧ નોંધાયા છે. ૫ વર્ષમાં સિંહોની વસતીમાં ૨૧૭નો વધારો થયો છે ૧૧ મે થી ૧૩ મે વચ્ચે થઈ હતી સિંહોની વસતી ગણતરી હાથ ધરાઇ હતી. ગુજરાતની શાન ગણાતા એશિયાઈ સિંહોની વસ્તી ગણતરીનો ૧૬મો તબક્કો પૂર્ણ થયો છે, આ ગણતરીએ રાજ્યના ૧૧ જિલ્લાઓના ૫૮ તાલુકાઓમાં ૩૫,૦૦૦ ચોરસ કિલોમીટરના વિશાળ વિસ્તારને આવરી લીધો, જેમાં ૩,૨૫૪ લોકોની ટીમે અથાગ પ્રયાસો કરીને ૮૯૧ સિંહોની હાજરી નોંધી છે. આ આંકડો ગુજરાતના સિંહ સંરક્ષણના પ્રયાસોની સફળતાનું પ્રતીક છે અને રાજ્યના વન્યજીવ સંરક્ષણના ઇતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરે છે.

ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. જે અંતર્ગત એશિયાઈ સિંહનો ૧૬મો વસ્તી અંદાજ-૨૦૨૫ ૧૦ મેથી ૧૩મે દરમિયાન બે તબક્કામાં યોજવામાં આવ્યો હતો. આ વસ્તી અંદાજની કામગીરી સિંહ અસ્તિત્વ ધરાવતા રાજ્યના જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ એમ કુલ ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫ હજાર ચો.કિમી. વિસ્તારમાં ડાયરેક્ટ બીટ વેરીફીકેશન’ પદ્ધતિથી કરવામાં આવ્યો હતો. સરકારે ૧૬મી સિંહ વસ્તી ગણતરી - ૨૦૨૫ના આંકડા જાહેર કર્યા હતા. ગુજરાતમાં એશિયાઈ સિંહોની વસ્તીની કુલ સંખ્યા ૮૯૧ થઈ છે, જેમાં ૧૯૬ નર,૩૩૦ માદા,૧૪૦ પાઠડા,૨૨૫ બચ્ચા નોંધાયા છે.

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા મેક ઈન ઇન્ડિયા’ના લોગોમાં એશિયાઇ સિંહ સ્થાન પામ્યો છે, ત્યારે વન વિભાગે પણ સિંહોના આશ્રયસ્થાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે, જે અંતર્ગત ગત વર્ષથી સિંહોને વૈકલ્પિક આશ્રયસ્થાનરૂપે બરડા અભ્યારણ્યમાં વસાવવા તેનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

વન વિભાગ દ્વારા નિયમિત રીતે કરવામાં આવતી સિંહની વસ્તી અંદાજની કામગીરી, મુલ્યાંકન અને સંરક્ષણના પરિણામે રાજ્યમાં ઉત્તરોત્તર સિંહની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સૌ-થમ વર્ષ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઇ હતી.

પ્રાપ્ત અંદાજિત આંકડા મુજબ વર્ષ ૧૯૯૫માં કરવામાં આવેલી સિંહોની વસ્તી ગણતરીમાં પુખ્ત નર, માદા, પાઠડા-બચ્ચા એમ મળીને કુલ ૩૦૪ જેટલા સિંહ નોંધાયા હતા. તેવી જ રીતે વર્ષ ૨૦૦૧માં કુલ ૩૨૭, વર્ષ ૨૦૦૫માં કુલ ૩૫૯, વર્ષ ૨૦૧૦માં કુલ ૪૧૧, વર્ષ ૨૦૧૫માં કુલ ૫૨૩ અને છેલ્લે વર્ષ ૨૦૨૦માં કુલ ૬૭૪ જેટલા સિંહોની વસ્તી નોંધાયેલી છે.



# ઈરાનના અણુ કાર્યક્રમને તબાહ કરવા ઈઝરાયલ મોટી કાર્યવાહી કરે તેવા સંકેત

## ટ્રમ્પ તંત્ર ચોંકયુ, તેલઅવીવની સૈન્ય તૈયારી પર નજર



**મુખ્ય સમાચાર, તહેરાન**

તહેરાન અમેરિકા અને ઈરાન વચ્ચે અણુ સમજુતી મુદ્દે યોજાયેલી વાટાઘાટોમાં કોઈ પ્રગતિ ન સધાતા હવે ઈરાનના અણુ કાર્યક્રમને તબાહ કરવા ઈઝરાયેલ મોટી કાર્યવાહી કરે તેવા સંકેત છે. અમેરિકાની ગુપ્તચર માહિતી મુજબ આ જવાબદારી ઈઝરાયેલની સેનાને સોપાશે.

સીએનએનના એક રિપોર્ટ મુજબ હવે આ અંગે ઈઝરાયેલ અને અમેરિકામાં આંતરિક સહમતી બનાવવાની કામગીરી ચાલુ થઈ છે. ઈરાનના અણુમથક પર હુમલો કરાય તો ઈરાન પણ ઈઝરાયેલને ટાર્ગેટ કરશુ. ઈરાન માટે સરળ બની શકે છે. જો કે ટ્રમ્પ ખુદ આ અંગે હજુ સંમત નથી પણ ઈઝરાયેલ હવે મધ્યપુર્વમાં વળતો જવાબ આપે અને તે પણ અમેરિકાને ટાર્ગેટ બનાવે તેવા લાંબા અંતરના બેલેસ્ટીક મિસાઈલથી સજજ છે. જયારે કાયમી રીતે વર્ચસ્વ સ્થાપવા માંગે છે અને તેમાં ઈરાનને તોડી પાડયું તેના માટે જરૂરી છે.

ટ્રમ્પને જો કે ઈરાન સાથે સમજુતીમાં રસ છે. તેમાં આ દેશમાં મોટો ધંધો થઈ રહ્યો છે. હવે ઈઝરાયેલની નજર અમેરિકા અને ઈરાનની વાતચીત પર છે અને તેઓએ ઈરાન તેનું શુદ્ધ કરાયેલુ યુરોનીયમ પુરી રીતે નાશ કરવા સંમત થાય નહી અને અણુ મથકો પર જે આંતરરાષ્ટ્રીય વોચ-હટાવી લીધી છે તે ફરી ગોઠવવા સંમત થાય નહી તો ઈઝરાયેલ તેના પ્લાનમાં આગળ વધી રહ્યું છે.

ઈઝરાયેલની સેના જે રીતે યુદ્ધ અભ્યાસ કરી રહી છે અને તેના સમુદ્રી સહિતના ક્ષેત્રમાં પણ ગતિવિધિ વધારી રહી છે. તેનાથી અમેરિકી ગુપ્તચરને આશંકા છે કે ઈઝરાયેલ એકલા હાથે લડવા પણ તૈયાર છે.

# નેશનલ સ્પોટ એકસચેંજમાં ફસાયેલા ટ્રેડર્સના ૧૯૫૦ કરોડ પરત મળશે

## ૯૦ ટકાથી વધુ ટ્રેડર્સોએ વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ મંજુર કરતા લો ટ્રીબ્યુનલને સોંપાઈ

**મુખ્ય સમાચાર, મુંબઇ**

નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડે (NSEL) પોતાની પેરન્ટ કંપની ૬૩ મૂન્સ ટેકનેલોજીઝ લિમિટેડના સહયોગથી ૫૬૮૨ ટ્રેડર્સ સાથેની આખરી અને સૌહાર્દપૂર્ણ વન ટાઇમ સેટલમેન્ટ સ્કીમ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NOT), મુંબઈ સમક્ષ રજૂ કરી હતી. આ વન ટાઈમ સેટલમેન્ટનો મૂળ પ્રસ્તાવ મોટી સંખ્યામાં ટ્રેડર્સનું પ્રતિનિધિત્વ કરી રહેલા સંગઠન - એનએસઈએલ ઇન્વેસ્ટર્સ ફોરમ (NIT) દ્વારા મૂકવામાં આવ્યો હતો.

આ સ્કીમ ઑફ સેટલમેન્ટ અનુસાર ૫૬૮૨ ટ્રેડર્સને ૨૦૨૪ની ૩૧ જુલાઈની એમની લેણી રકમના પ્રમાણ અનુ એર કુલ ૧૯૫૦ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવશે. એને પગલે ૬૩ મૂન્સ ગ્રુપની




વિરુદ્ધના તમામ કાનૂની કેસ બંધ કરવામાં આવશે અને ટ્રેડર્સના તમામ હક ૬૩ મૂન્સના ફાળે જશે.

NCLTએ આ પ્રસ્તાવિત સ્કીમ ઑફ સેટલમેન્ટ પર ટ્રેડર્સનું ઈ-વોટિંગ કરાવવાનો ૨૦૨૫ની ૮ એપ્રિલના રોજ આદેશ આપ્યો હતો. NCLTએ ઈ-વોટિંગ પર દેખરેખ રાખવા માટે અશ્વિની ગુપ્તા (કંપની સેક્રેટરી)ની સ્ક્રુટિનાઇઝર તરીકે અને મુકેશ મિત્તલ (નિવૃત્ત આઇઆરએસ અધિકારી) ની ચેરપર્સન તરીકે નિમણૂક કરી હતી.

મતદાન ૨૦૨૫ની ૧૭ એપ્રિલે શરૂ થઈને ૨૦૨૫ની ૧૭ મેએ પૂરું થયું હતું. સ્ક્રુટિનાઇઝરે સુપરત કરેલા અને = ચેરપર્સને ૨૦૨૫ની ૧૯ મેએ મંજૂર કરેલા ઈ-વોટિંગનાં પરિણામ વિશેના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મૂલ્યની દૃષ્ટિએ ૯૧.૩૫ ટકા હિસ્સો ધરાવતા ટ્રેડર્સે અને સંખ્યાની દૃષ્ટિએ ૯૨.૮૧ ટકા ટ્રેડર્સે સેટલમેન્ટના ઠરાવની તરફેણમાં મતદાન કરીને એના પર મંજૂરીની મહોર મારી હતી.

આ સેટલમેન્ટને પગલે એ તમામ ટ્રેડર્સને મોટી રાહત મળશે જેમનાં નાણાં જુલાઈ ૨૦૧૩માં સર્જાયેલી ગજઊક પેમેન્ટ કટોકટીમાં ફસાઈ ગયાં હતાં. નોંધનીય છે કે, NCLTએ ઑગસ્ટ ૨૦૧૩માં ૬૩ મૂન્સના સહયોગથી ૧૭૯ કરોડ રૂપિયાની ચુકવણી કરી હતી જેની મદદથી ૧૦ લાખ કરતાં ઓછી લેણી રકમ ધરાવતા ૭૦૫૩ નાના ટ્રેડર્સને લાભ મળ્યો હતો.

૬૩ મૂન્સ ફરી એક વાર ટ્રેડર્સના પડખે રહી છે. ૬૩ મૂન્સના એમડી-સીઈઓ એસ. રાજેન્દ્રે કહ્યું હતું કે ભારતમાં આવા પ્રકારનું પ્રથમ સેટલમેન્ટ થયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી ૬૩ મૂન્સ આ સેટલમેન્ટને પાર પાડી શકશે એવો વિશ્વાસ છે.

# જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરની ઉપસ્થિતિમાં ૨૭ ગુજરાત બટાલીયન એનસીસી ખાતે નાગરિક સંરક્ષણની તાલીમ યોજાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લો સરહદી જીલ્લો હોવાથી યુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તો લોકોએ કઈ રીતે સ્વ બચાવ કરવો જોઈએ તથા તંત્ર દ્વારા લોકોને કઈ રીતે મદદરૂપ થઇ શકાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર અને નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા જામનગર જીલ્લામાં વિવિધ જગ્યાઓ પર નાગરિક સંરક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગરમાં આવેલ ૨૭ બટાલીયન ગુજરાત એનસીસી ખાતે છેલ્લા બે દિવસથી એનસીસી કેડેટ્સ અને વિદ્યાર્થીઓ સેલ્ફ ડીફેન્સ તાલીમ લઇ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ તાલીમનો મુખ્ય હેતુ આપતકાલીન પરિસ્થિતિમાં નાગરિકોને સ્વ બચાવની પધ્ધતિઓથી વાકેફ કરવાનો છે.જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરે એનસીસી કેડેટ્સને આપવામાં આવી રહેલ તાલીમમાં ઉપસ્થિત રહી તેઓનો ઉત્સાહ વધારી કેડેટ્સ સાથે સંવાદ કર્યો હતો. કલેકટરએ જણાવ્યું હતું કે, જામનગર જીલ્લા વહીવટી તંત્ર અને નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા જામનગર જીલ્લાના નાગરિકો ખાસ કરીને યુવાઓને સિવિલ ડીફેન્સ અંગેની તાલીમ આપવામાં આવી રહી છે. તથા નાગરિકોને મદદ મળી રહે તે માટે એનસીસી કેડેટ્સને પણ તાલીમ આપવામાં આવી રહી છે.જેમાં બચાવ, રેસ્ક્યુ, ફાયર, પ્રાથમિક સારવાર અંગે તાલીમ આપવામાં આવી રહી છે. તા.૨૧મે ના રોજ કાલાવડ તાલુકામાં સેલ્ફ ડીફેન્સ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં સમગ્ર જીલ્લામાં વિવિધ જગ્યાઓ પર આ પ્રકારની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. નાગરિકોએ આપતકાલીન પરિસ્થિતિના સમયે બચાવ કામગીરી કેવી રીતે કરવી તે અંગે જીલ્લા પ્રસાશન દ્વારા આ પ્રકારની તાલીમ યોજવામાં આવી છે.આ તાલીમમાં નાયબ નિયંત્રક વી.કે.ઉપાધ્યાય, પી.આઈ. એમ.વી.ખીલેરી, અધિકારીઓ, એનસીસી કેડેટ્સ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી ધક્કાવાળી મેલડી માઁ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આઠમો સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન સંપન્ન

### બહુચર પાર્ટીપ્લોટ ખાતે એકવીસ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા, કન્યાઓને અપાયો વૈભવી કરિયાવર




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ધક્કાવાળી મેલડીમાઁ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આઠમો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. નવલખી રોડ પર આવેલા બહુચર પાર્ટીપ્લોટ ખાતે આયોજિત આ સમૂહ લગ્નમાં કુલ એકવીસ યુગલોએ શાસ્ત્રોક્ત વિધિથી લગ્નગ્રંથિથી જોડાઈ પ્રભુતામાં પ્રવેશ કર્યો હતો. તમામ કન્યાઓને કરીયાવરમાં દાગીના અને ઘરઉપયોગી ૧૦૮ વસ્તુઓ અર્પણ કરાઈ હતી. અનેક સત્કાર્યોથી ઓળખાતા આ ટ્રસ્ટે આ સેવા યજ્ઞને સફળ બનાવવા દાતાઓ અને કાર્યકર્તાઓની જહેમત ઉઠાવી હતી.

મોરબીના રેલવે સ્ટેશન નજીક આવેલી ધક્કાવાળી મેલડીમાં કાર્યરત ચેરીટેબલ ટ્રસ્ટ અનેક સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી છે. ટ્રસ્ટ દ્વારા દરરોજ ગાયો માટે પચાસ મણ લીલું ઘાસ, દર મહિને પક્ષીઓ માટે દશ મણ ચણ, અને દર રવિવાર-મંગળવારના રોજ લાપસી તથા ગુંદી ગાંઠિયાનો પ્રસાદ આપવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા વર્ષમાં એક વખત સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોનું આયોજન પણ કરવામાં આવે છે. ત્યારે વર્તમાન વર્ષે નવલખી રોડ પર આવેલા બહુચર પાર્ટીપ્લોટ ખાતે આઠમો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં વિવિધ જાતિના એકવીસ યુગલોએ શાસ્ત્રોક્ત વિધિ દ્વારા ભુદેવોના પાઠન સાથે લગ્નગ્રંથિથી બંધાઈ શુભ દાંપત્ય જીવનની શરૂઆત કરી હતી. વરરાજાઓનું ભવ્ય સામૈયું ''કર્તવ્ય જીવ દયા'' બેન્ડ પાર્ટી દ્વારા વાજતે ગાજતે અને ધમાકેદાર રીતે યોજાયું હતું. કન્યાઓને કરિયાવરરૂપે સોનાના દાગીનાનો સેટ, કબાટ, ખુરશી સહિત ૧૦૮ વિવિધ ઘર ઉપયોગી વસ્તુઓ અર્પણ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમના આયોજન માટે અનેક દાતાઓએ હૃદયથી દાન અર્પણ કર્યું હતું.

કાર્યક્રમમાં દામજી ભગત નકલંકધામ બગથળા, મહંત ભાવેશ્વરીદેવી, જયંતિભાઈ રાજકોટિયા (જીલ્લા પ્રમુખ, ભાજપ), ધારાસભ્ય દુર્લભજી દેથરીયા (ટંકારા-પડધરી), તથા યુવા મોરચાના ગુજરાત પ્રદેશ પ્રમુખ અમૃતિયા સહિત રેલવે વિભાગના પીઆઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવામાં ટ્રસ્ટના પ્રમુખ ઘનુભા જાડેજા, ઉપપ્રમુખ વિનુભાઈ ડાંગર, ખજાનચી શૈલેષભાઈ જાની, મંત્રી ધીરુભા જાડેજા, કિશોરભાઈ અગ્રાવત, રમેશભાઈ સાંણદિયા, ભાવેશકુમાર મહેતા, નરેન્દ્રસિંહ રાણા, દિગુભા જાડેજા, ગજુભા ચુડાસમા સહિત તમામ ટ્રસ્ટી મંડળના સભ્યો તથા અનેક કાર્યકરોની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

# વાંકાનેર શહેર ભાજપના નવનિયુક્ત હોદેદારો જાહેર

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી વિનોદભાઈ ચાવડા અને જીલ્લા પ્રભારી હિતેષભાઈ ચૌધરી સાથે ચર્ચા કરી વાંકાનેર શહેર ભાજપ મંડળના હોદેદારોની નવી નિમણૂક કરવામાં આવી છે. આગામી રાજકીય કાર્યકાળ માટે મંડળના અધ્યક્ષ તરીકે દીપકભાઈ સામજીભાઈ પટેલ (રવાણી)ની નિયુક્તિ કરવામાં આવી છે અને સાથે અન્ય હોદેદારોની પણ ઘોષણા કરવામાં આવી છે.

મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયાની યાદીમાં જણાવ્યા અનુસાર, ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ મહામંત્રી તેમજ સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી વિનોદભાઇ ચાવડા તથા મોરબી જીલ્લાના પ્રભારી હિતેષભાઈ ચૌધરીએ વાંકાનેર શહેરમાં સ્થાનિક મંડળ સાથે ચર્ચા-વિચારણા બાદ મંડળની નવી ટીમની નિમણૂક કરવામાં આવી છે. આગામી સંગઠન કાર્યને વધુ મજબૂત બનાવવાના હેતુથી વાંકાનેર શહેર ભાજપ મંડળમાં અધ્યક્ષ તરીકે દીપકભાઈ સામજીભાઈ પટેલ (રવાણી)ની નિમણૂક કરવામાં આવી છે. ઉપાધ્યક્ષ તરીકે અલ્પેશ બળવંતભાઈ પટેલ, ચેતન મેરૂભાઈ ટમારીયા, ભરતભાઈ પ્રભુભાઈ દેગામા, સરોજબેન ભીખુગીરી ગોસ્વામી, રાઘવજીભાઈ ખીમજીભાઈ નાગવાડિયા અને નયનાબેન ગંભીરસિંહ પરમારની નિયુક્તિ કરાઈ છે. મહામંત્રી પદે દીપકસિંહ તખતસિંહ ઝાલા અને અમિતકુમાર કિશોરચંદ્ર શાહની જવાબદારી નિર્ધારિત કરવામાં આવી છે. મંત્રીઓ તરીકે ભાનુમતીબેન નવીનચંદ્ર બરા-સરા, રમેશ બચુભાઈ મકવાણા, કુલદીપ ગાંડુભાઈ ડાભી, ચેતનાબેન બકુલભાઈ મહેતા, પાર્થ જયંતીલાલ રાવલ અને શાંતાબેન વિનોદભાઈ વિંજવાડિયાની નિમણૂક કરવામાં આવી છે. ખજાનચી તરીકે અરુણ મોહનભાઈ મહાલીયાને જવાબદારી સોંપવામાં આવી છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે તડામાર તૈયારી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે શહેરને સુરક્ષિત અને વ્યવસ્થિત બનાવવાના હેતુથી નાલાની સફાઈ, ગટર ઢાંકણાની દુરસ્તી, હોર્ડીંગ્સ હટાવવાની કામગીરી સહિત જર્જરિત બિલ્ડીંગોને સુધારાની નોટિસ પાઠવવાનો મહત્ત્વપૂર્ણ પગલા લેવામાં આવ્યા છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા ચોમાસા અગાઉ જનસુરક્ષા અને નાગરિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને ચોમાસા પૂર્વેની કામગીરી ત્વરિત ગતિએ અમલમાં મૂકવામાં આવી છે. મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા ૨૦ નાળાઓમાંથી ૧૧ નાળાની સફાઈનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં વર્ક આસિસ્ટન્ટ મારફત સર્વે કરાવાઈ ગયો હતો, જેમાં કુલ ૧૦૯ ગટરના ઢાંકણાની દુરસ્તી કરવામાં આવી છે. સાથે સાથે ૩૧ નાળાઓ પર બેરીકેટિંગ કરવામાં આવી જેનાથી નાગરિકોની સલામતી સુનિશ્ચિત થઈ શકે. મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવેલી ૨૫ જર્જરિત બિલ્ડીંગોની ઓળખ કરી એમના માલિકોને રીપેરિંગ તથા ભયમુક્ત બનાવવાનો અનુરોધ સાથે નોટિસ ફટકારવામાં આવી છે. આ સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં લાગેલા ૧૦૬ અનધિકૃત હોર્ડીંગ્સ પણ હટાવવામાં આવ્યા છે.

# મોરબી હાથ ઉછીના રૂપિયા પરત માંગ્યાનો ખાર રાખી વકીલ ઉપર ચાર શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં હાલ અસામાજિકતત્વો દ્વારા આતંક મચાવ્યાનો વધુ એક બનાવ સામે આવ્યો છે, જેમાં વ્યવસાયે વકીલાત કરતા આધેડે પોતાની ફાસ્ટફૂડની દુકાનમાં કામ કરતા શખ્સને ચાર માસની મુદતે હાથ ઉછીના રૂ.૪.૨૭ લાખ આપ્યા હોય જે મુદત પૂરી થતા રૂપિયા પરત માંગતા જેનો ખાર રાખી ચાર શખ્સો દ્વારા વકીલ ઉપર ધોકા તથા પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ચારેય શખ્સો ચાલ્યા ગયા હતા. ત્યારે સિવિલમાં સારવાર હેઠળ રહેલા ભોગ બનનાર વકીલ દ્વારા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ, મોરબી રવાપર રોડ ધરતી ટાવર ફ્લેટ નં.૪૦૧ બોની પાર્કમાં રહેતા વ્યવસાયે વકીલ વિજયભાઈ કેશવજીભાઈ સરડવા ઉવ.૪૯ એ સિવિલ હોસ્પિટલના બિછાનેથી સીટી એ ડિવિઝન પોલીસ સમક્ષ આરોપી રફીક નૂરમામદભાઈ સિપાઈ, મકબુલ, સાહિલ તથા એક અજાણ્યો ઈસમ એમ ચાર વિરુદ્ધ માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી બાબતે ફરિયાદ નોંધાવી છે. જેમાં વિજયભાઈને ચાર વર્ષ પહેલાં રવાપર રોડ ઉપર બાલાજી ફાસ્ટફૂડની દુકાન હોય જે ચાર માસ પૂર્વે જ બંધ કરી હાલ વિજયભાઈ મહેન્દ્રનગર ચોકડી શુભ કોર્પોરેટર હબમાં પોતાની બાલાજી ઓનલાઇન નામની દુકાનમાં ઓનલાઇન ફોર્મ અને ઝેરોક્ષનું કામ કરતા હોય ત્યારે અગાઉ ફાસ્ટફૂડની દુકાનમાં કામ કરતો આરોપી રફીકે વિજયભાઈ પાસેથી હાથ ઉછીના અલગ અલગ ટાઈમે ૪.૨૭ લાખ રૂપિયા ચાર માસની મુદતે લીધા હોય જે રૂપિયાના બદલે વિજયભાઈએ સિક્યુરિટી માટે ૮ કોરા ચેક લીધા હોય, ચાર માસની મુદત પૂર્ણ થતા વિજયભાઈએ પોતે આપેલ હાથ ઉછીના રૂપિયા પરત માંગતા આરોપી રફીકને સારું નહિ લાગતા અને લીધેલ રૂપિયા પાછા ન આપવા આરોપી રફીકે તેની સાથે અન્ય ત્રણ શખ્સોને સાથે રાખી વિજયભાઈની મહેન્દ્રનગર ચોકડી ખાતે શુભ કોર્પોરેટ હબ ખાતેની દુકાને જઈ વિજયભાઈને ગાળો આપી તેને ધોકા અને લાઈપથી ચારેય આરોપીઓએ માર માર્યો હતો, ત્યારે બુમાબુમ થતા આજુબાજુથી લોકો એકઠા થઈ જતા, આ ચારેય આરોપીઓ વિજયભાઈને કહેલ કે હવે પછી પૈસા માંગીશ તો જાનથી મારી નાખીશ જે મુજબની ધમકી આપી જતા રહ્યા હતા. હાલ સીટી એ ડિવિઝન પોલીસે વિજયભાઈ ફરિયાદને આધારે ઉપરોક્ત ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા ૧૧૮ આસામીઓ પાસેથી કુલ રૂ. ૪૬,૪૦૦/- દંડ વસુલાયો


**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ૧૨ થી ૨૦ મે દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં વિશેષ ઝુંબેશ ચલાવી ગંદકી, પ્રતિબંધિત પ્લાસ્ટિક, જાહેરમાં કચરો સળગાવવો અને ખુલ્લામાં પેશાબ કરતાં વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી કુલ ૧૧૮ આસામીઓ પાસેથી રૂ. ૪૬,૪૦૦/-નો દંડ વસુલ કર્યો છે.

મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ ચોમાસા પૂર્વે શહેરમાં સફાઈ અને સ્વચ્છતા અંગે કડક કાર્યવાહી હાથ ધરી છે. તા. ૧૨ મે થી ૨૦ મે દરમિયાન શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશને લઈને ખાસ તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં ૫૯ આસામી ઝડપાઈ ગયા હતા અને તેઓ પાસેથી કુલ રૂ. ૩૫,૩૦૦/- નો દંડ વસુલ કરાયો. જ્યારે સફાઈને પગલે ગંદકી કરતી પ્રવૃત્તિ સામે પણ પગલા લેવામાં આવ્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં ૪૪ આસામીઓએ ગંદકી ફેલાવવાની કાર્યવાહી હેઠળ આવી અને તેમની પાસેથી રૂ. ૮,૩૦૦/- દંડ વસુલ થયો છે, આ ઉપરાંત જાહેરમાં કચરો સળગાવનાર ૯ આસામીઓ પાસેથી રૂ. ૨,૪૦૦/- અને ખુલ્લામાં યુરીનેશન કરતી ૬ વ્યક્તિઓ પાસેથી રૂ. ૪૦૦/- દંડ વસુલ કરાયો હતો. આમ મહાનગરપાલિકા દ્વારા કુલ ૧૧૮ આસમીઓ પાસેથી રૂ.૪૬,૪૦૦/- દંડ વસુલ કરવામાં આવ્યો હતો. આ સાથે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે અને જાહેરમાં ગંદકી ન ફેલાવવી, નિયમોનું પાલન કરવું અને સ્વચ્છતા જાળવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગર હોટલમાં જમતી વેળાએ કેરીના રસમાંથી વંદો નીકળ્યો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ન્યૂ ચેતના રેસ્ટોરાંના કેરી રસમાં વંદો નીકળ્યો.ગુજરાતી થાળી જમતાં ગ્રાહકને ખરાબ અનુભવ, રેસ્ટોરાં માલિકનો ઉડાઉ જવાબ બાદ કોર્પોરેશનની કાર્યવાહી, ૧૦ હજાર દંડ.જામનગર શહેરના લાલ બંગલા સર્કલ નજીક આવેલી ન્યુ ચેતના રેસ્ટોરાંમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક ખાનગી બેંકના કર્મચારી ભીષ્મરાજ સિંહ જાડેજાએ રેસ્ટોરાંમાં ગુજરાતી થાળી મંગાવી હતી.થાળીમાં પીરસાયેલા કેરીના રસમાંથી મૃત વંદો નીકળ્યો હતો. ગ્રાહકે આ અંગે રેસ્ટોરાં માલિકને જાણ કરી હતી. પરંતુ માલિકે આ બાબતને ગંભીરતાથી ન લેતા ઉડાઉ જવાબ આપ્યો હતો.આ બાબતે ગ્રાહકે ફૂડ વિભાગને ફોન કરીને ફરિયાદ નોંધાવી હતી. ફૂડ વિભાગની ટીમે તાત્કાલિક રેસ્ટોરાંની મુલાકાત લીધી હતી. તપાસ બાદ ફૂડ વિભાગે રેસ્ટોરાંને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.આ ઘટનાએ શહેરભરમાં ચકચાર મચાવી છે. રેસ્ટોરાં સંચાલકોમાં પણ ફફડાટ ફેલાયો છે.

# મોરબીમાં ઓનલાઈન જોબ વર્કની લાલચે યુવકે રૂ.૨૦.૭૫ લાખ ગુમાવ્યા, સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ

### સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વોટ્સએપ, ટેલિગ્રામ યુઝર્સ તેમજ બેંક ખાતા ધારક સહિત ૨૦ આરોપીઓ વિરુદ્ધ આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના યુવક સાથે ઓનલાઇન જોબનું કામ આપી ઘરબેઠા કમાણી કરાવાની લાલચ આપી શરૂમાં વિશ્વાસ કેળવવા કરેલ જોબ વર્કના નાણા પરત આપી વધુ કમાણીની લાલચ આપ્યા બાદમાં વિવિધ બહાનાં હેઠળ ૨૦.૭૫ લાખ જેટલા રૂપિયાનું રોકાણ કરાવી તે રૂપિયા પાછા ન આપી યુવક સાથે છેતરપીંડી કરવામાં આવી હોવાની અત્રેના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે, હાલ પોલીસ દ્વારા ૨૦ જેટલા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

મોરબીના પંચાસર રોડ સ્થિત પ્રમુખસ્વામી પાર્ક-૨ સંગાથ પેલેસ-૨ ફ્લેટ નં.૬૦૧ ના રહેવાસી અને લોન કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા હાર્દીપકુમાર ગણેશભાઈ પનારા ઉ.૨૮ સાથે ઓનલાઈન કામ આપવાના બહાને મોટું છેતરપિંડીનું કાવતરું રચાયું હતું. મળતી વિગતો મુજબ આ ઘટના તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૯ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન મોરબીના શનાળા બાયપાસ સ્થિત સીટી મોલની ઓફિસ ખાતે બની હતી. જેમાં આરોપીઓએ હાર્દીપકુમાર સાથે વોટ્સએપ અને ટેલિગ્રામના મેસેજથી સંપર્ક સાધી, ઓનલાઇન જોબ આપી ઘરબેઠા કામ કરીને રૂપિયા કમાવાની લાલચ આપી હતી. શરૂઆતમાં હાર્દિપકુમારના ખાતામાં જોબવર્ક કરેલ કામના રૂપિયા જમા કરાવી વિશ્વાસ મેળવી, ત્યારબાદ અલગ-અલગ બહાનાઓથી હાર્દિપકુમાર પાસેથી કુલ ૨૦,૭૫,૭૧૩/- રૂપિયા અલગ અલગ બેંક ખાતામાં ડિપોઝિટ કરાવ્યા હતા. ત્યારે આ રકમ હાર્દિપકુમારને પરત આપવામાં આવી નહિ અને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ સમગ્ર કાવતરામાં કુલ ૨૦ જેટલા આરોપીઓ સામેલ છે જેમના ફોન નંબર, ટેલિગ્રામ યુઝરનેમ તથા વિવિધ બેંકોના ખાતાં નંબર સામે ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓમાં શિખા, મિસ્ટર સુમિત, કસ્ટમર સપોર્ટ જેવા ટેલિગ્રામ યુઝર્સ અને કુલ ૧૮ અલગ અલગ બેંક ખાતાં ધરાવનારાઓનો સમાવેશ થાય છે. બનાવ બાબતે મોરબી સાઇબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ કલમ તથા આઇટી એક્ટ હેઠળ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

# સમાચાર સંક્ષીપતમાં

## મોરબીના શનાળા ભક્તિનગર સર્કલ નજીક બિયરના ૬ નંગ ટીનની લેતી દેતી કરતા બે પકડાયા

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શનાળા ભક્તિનગર સર્કલ નજીક ઓવરબ્રિઝ નીચે ઓલા બાઇકના શોરૂમ સામે બડવાઇઝર બિયરના ૬ નંગ બિયરના ટીન કિ.રૂ.૬૦૦/- ની લેતી દેતી કરતા આરોપી જીગ્નેશભાઈ ભુપતભાઇ મોરી ઉવ.૨૭ રહે.મોરબી-૨ હરિપાર્ક સોસાયટી સર્કિટ હાઉસ સામે તથા મેહુલભાઈ હરસુરભાઈ કાતરીયા ઉવ.૩૨ રહે.૭૦૧ ઈસ્કોન બી શનાળા બાયપાસ મુરલીધર હોટલ પાસે વાળા એમ બે આરોપીઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા, આ સાથે પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી ગ્રીનચોક નજીક સાંકડી શેરીમાં તીનપત્તિનો જુગાર રમતા ત્રણ ઝબ્બે

મોરબી શહેરના ગ્રીન ચોક વિસ્તારમાં આવેલ સાંકડી શેરીમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા મકબુલ બસીરભાઈ બ્લોચ ઉવ.૨૯, રમજાન ઓસમાનભાઈ રાઉમા ઉવ.૨૭ તથા ઈમરાન સીદીકભાઈ બ્લોચ ઉવ.૩૯ ત્રણેય રહે. મકરાણીવાસ મોરબી વાળાને રોકડા રૂ.૫૯૦/-સાથે સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઝડપી લઈ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના રણછોડનગરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા પાંચ પકડાયા

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે રણછોડનગર વિસ્તારમાં સરદારજીના બંગલાવાળી શેરીમાં રેઇડ કરતા જ્યાં સ્ટ્રીટ લાઈટના અજવાળે તીનપત્તીના જુગારની મજા માણતા કાનજીભાઈ મગનભાઈ શ્રીમાળી ઉ.૫૨ રહે. વીશીપરા પ્રજાપતી કારખાનાની ઓરડી મોરબી, અર્જુનસિંગ જીવનસિંગ રાજપુત ઉ.૧૮ રહે વીશીપરા રણછોડનગર, જયેશભાઈ માણેકલાલ ત્રીવેદી ઉ.૨૧ રહે રણછોડનગર, સૌકતભાઈ ઈસ્માઇલભાઈ સાઈચા ઉ.૨૫ રહે વીશીપરા રણછોડનગર તથા વિજયભાઈ નાગજીભાઈ રાવ ઉ.૩૧ રહે વીશીપરા જુના હાઉસીંગ બોર્ડવાળાની રોકડા રૂ.૧૮,૦૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પાંચેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના નવી પીપળી ગામે સીરામીકના લેબર ક્વાર્ટરમાં શ્રમિકે ગળેફાંસો ખાધો

મોરબી તાલુકાના નવી પીપળી ગામની સીમમાં આવેલ સિપોન સીરામીકના લેબર ક્વાર્ટરમાં રહેતા રાજુભાઇ જગન્નાથ યાદવ ઉવ.૨૦ નામના શ્રમિકે ગઈકાલ તા.૨૦/૦૫ના રોજ લેબર ક્વાર્ટરમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે મૃતકની ડેડબોડી મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા, જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે પોલીસને જાણ કરી હતી, જેથી પોલીસે મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

## હળવદના દિઘડીયા ગામે બ્રાહ્મણી નદીમાં નાહવા ગયેલા પ્રૌઢનું પાણીમાં ડુબવાથી મોત

હળવદ તાલુકાના દિઘડીયા ગામે આવેલ બ્રાહ્મણી નદીમાં નાહવા ગયેલા ૫૦ વર્ષીય પ્રૌઢ દુર્ઘટનાવશ પાણીમાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. હળવદ તાલુકાના દિઘડીયા ગામે બ્રાહ્મણી નદીમાં ગઈકાલ તા.૨૦/૦૫ ના રોજ સાંજના સમયે દિઘડીયા ગામના રહીશ હંસરાજભાઈ સોમાભાઈ ગડેસા ઉવ.૫૦ નદીમાં નાહવા ગયા હતા. કોઈ અનિચ્છનિય પરિસ્થિતિના કારણે તેઓ નદીના પાણીમાં ડૂબી ગયા અને તેમનું મૃત્યુ થયું. આ અંગે મરણજનારના ભાઈ વાલજીભાઈ સોમાભાઈ ગડેસાએ હળવદ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ત્યારે પોલીસે અ. મોતની એન્ટ્રી કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી બીલીયા ગામે રહેણાંકમાં જુગાર રમતા સાત જુગારીની રોકડા રૂ.૩.૩૮ લાખ સાથે અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના બીલીયા ગામે રહેણાક મકાનમાં જુગારની મહેફિલ માંડી બેઠેલા સાત જુગારીને રોકડા ૩.૩૮ લાખ તથા બે નંગ મોબાઇલ સહિત ૩.૪૮ લાખના મુદ્દામાલ સાથે તાલુકા પોલીસ ટીમ દ્વારા પકડી લેવામાં આવ્યા છે, આ સાથે તમામ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ મથક પીઆઇ એસ.કે.ચારેલ સર્વેલન્સ ટીમ સાથે પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન કોન્સ. મહેન્દ્રસિંહ ભુપતસિંહ ચુડાસમા તથા ભગીરથભાઇ દાદભાઈ લોખીલને મળેલ બાતમી હક્કીત આધારે જુગારની રેઇડ કરવામાં આવી હતી, જેમાં તાલુકાના બીલીયા ગામે ભરતભાઇ રૂગ્નાથભાઇ પટેલના રહેણાક મકાનમાં ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા કુલ-૦૭ ઇસમોને ઝડપી લેવામાં આવ્યા હતા, જે પકડાયેલ આરોપીમાં ભરતભાઇ રૂગ્નાથભાઇ પટેલ રહે. બીલીયા ગામ, મનસુખભાઇ હરખાભાઇ પટેલ રહે. મોરબી રવાપર રોડ દપર્ણ સોસાયટી ફ્લેટ નંબર ૩૦૨, પુનીતભાઇ માવજીભાઇ પટેલ રહે. કન્યા છાત્રાલય રોડ રૂષીકેશ એપાર્ટમેન્ટ ફ્લેટ ૧૦૧ મોરબી, જયેશભાઇ કાનજીભાઇ પટેલ રહે. પંચાસર રોડ પ્રમુખ સ્વામી સોસાયટી મોરબી, કૌશીકભાઇ દેવજીભાઇ રહે.બીલીયા ગામ, કપીલભાઇ પ્રહલાદભાઇ પટેલ રહે.બીલીયા ગામ તથા જયેશભાઇ વનજીભાઇ પટેલ રહે.વાવડી ગામ વાળાને રોકડ રૂ.૩,૩૮,૬૦૦/- તથા બે એન્ડ્રોઇડ મોબાઇલ કીરૂ ૧૦,૦૦૦/- એમ કૂલ ૩,૪૮,૬૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખીજડિયા બાયપાસથી ફલ્લા વચ્ચે રિક્ષાની રેસ લગાવી જુગાર રમતા ત્રણ શખ્સ ઝબ્બે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરથી ફલ્લા વચ્ચે રિક્ષાની રેસ લગાવી જુગાર રમતા તત્વો પર પોલીસે લાલઆંખ કરી છે. ગઈકાલે પોલીસે રેસ લગાવતી બે રિક્ષા પકડી પાડી છે. નગરના ત્રણ શખ્સની રૂ.૧,૯૫,૨૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહી યથાવત રાખવાની જરૂરિયાત જણાઈ રહી છે.જામનગર-રાજકોટ માર્ગ પર આવેલા ખીજડિયા બાય પાસથી ફલ્લા વચ્ચે કેટલાક શખ્સો રાત્રિના સમયે ઓટો રિક્ષાની રેસ લગાવી જુગાર રમતા હોવાની બાતમી પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એન. શેખ, પીએસઆઈ એ.આર.પરમારને મળતા ગઈકાલે વોચ રાખવામાં આવી હતી.તે દરમિયાન ખીજડિયા બાયપાસ પાસેથી પુરપાટ ઝડપે બે રિક્ષા પસાર થતાં પોલીસે તેને રોકાવી હતી. આ રિક્ષામાં રહેલા ગુલાબનગર નજીકના રહેવાસી અમિત કિશોરભાઈ સોલંકી, સાત રસ્તા નજીક વસવાટ કરતા કરણ મનોજભાઈ મકવાણા, ધુંવાવના નાકા પાસે રહેતા રાહુલ વિજયભાઈ રાઠોડ નામના ત્રણ શખ્સની અટકાયત કરાઈ છે. આ શખ્સો બે રિક્ષામાં ખીજડિયા બાયપાસથી ફલ્લા ગામની ગોળાઈ સુધી રિક્ષાને રેસ લગાવતા હતા. પોલીસે રૂ.૧ લાખ ૮૦ હજારની બે રિક્ષા, રૂ.૧૫,૨૫૦ રોકડા કબજે કરી જુગારધારા તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુન્હો નોંધી બંનેની ધરપકડ કરી છે.ઉલ્લેખનીય છે કે, આ રોડ પર મોટાભાગે રોજેરોજ રાત્રિના સમયે કેટલાક શખ્સો અન્ય.વાહનચાલકોની જિંદગી જોખમમાં મુકાય તે રીતે રિક્ષા ભગાડી રેસ લગાવતા હોય છે જેના કારણે અકસ્માતનો સતત ભય તોળાતો રહે છે. થોડા દિવસો સુધી પોલીસ જો આ રીતે પેટ્રોલિંગ યથાવત રાખે તો રિક્ષાની રેસ પર અંકુશ લાવી શકાશે.

# ટીઆરપી ગેમ ઝોનના પીડિતોને ન્યાય નહીં મળતા કોંગ્રેસ આકરા પાણીએ: સીપીને કરી રજૂઆત



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં બનેલ ટીઆરપી ગેમ ઝોનમાં ૨૭ માનવ જિંદગી હોમાઈ ગઈ હતી. અને તેમના પરિવારને આજ દિન સુધી ન્યાય મળ્યો નથી તત્કાલીન સમયે અમારા દ્વારા આપને સંદર્ભ પત્રથી અવારનવાર લેખિત રજૂઆતો અને મૌખિક રજૂઆતો કરેલ હતી ત્રણ દિવસના ત્રિકોણબાગ ખાતે ઉપવાસ પણ કરવામાં આવેલ હતા અને આપને જણાવેલ હતું કે ૨૭ લોકોના મૃત્યુ થયેલ તેના વારસદારોમાંથી એક વ્યક્તિને નોકરીની માંગ કરવામાં આવેલ હતી અને ગેમ ઝોન કોના હુકમથી ઉભો કરાયો હતો તે અધિકારી કે પદાધિકારીઓ ઉપર આપે શું કાર્યવાહી કરી તેનો આજ દિન સુધી જવાબ મળેલ નથી. આ અંગે પોલીસ કમિશનરને રજૂઆત કરી હતી.

આ ભ્રષ્ટાચારી અધિકારી કે પદાધિકારી કોણ છે તેની પણ આપે અમોને જાણ કરેલ નથી અથવા તેના વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ નથી આ ભ્રષ્ટાચારીઓની સામે પગલાં લેવાના તત્કાલીન સમયની અમારી માગણી હતી જે આપે આજ દિન સુધી પગલાં લેવામાં આવેલ નથી.

તત્કાલીન સમયે બે થી ત્રણ પોલીસ અધિકારીઓ સામે પગલા લેવાયા હતા એ પગલા કડકાઈથી લેવાયા ન હતા અને લાયસન્સ ની જવાબદારી હતી પરંતુ વગર લાયસન્સ ગેમ ઝોન ચાલી રહ્યો હતો. દરેક પોલીસ સ્ટેશન વાઈઝ ટીમ બનાવી આ પ્રકારના એકમોને તપાસ કરવામાં જે તે સમયે આવી નહોતી. આ ગેમ ઝોન જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતો હતો તે વિસ્તારના પોલીસ ઈન્સ્પેક્ટરને જવાબદારી હોવા છતાં ગેમ ઝોન ગેરકાયદેસર રીતે ધમધમતો હતો. નિયમાનુસાર મંજૂરી હતી નહીં મંજૂરી છે કે નહીં તે અંગે પોલીસ દ્વારા જીણવટભરી તપાસ કરવામાં આવી નહોતી. આ ગેમઝોનમાં જવલનશીલ પદાર્થ પેટ્રોલ, ડીઝલ, ગેસના બાટલાઓ સંગ્રહ કરવામાં આવેલ છે કે કેમ અને તેની મંજૂરી હતી કે કેમ તે બાબતની તપાસ દિશાહીન બનાવવામાં આવી છે.

અમારા દ્વારા આ અગાઉ પણ આપને આવેદનપત્ર આપેલ છે તેનો આપના તરફથી કોઈ સંતોષકારક પ્રત્યુતર મળેલ નથી. રાજકોટ મહાનગરપાલિકાના કેટલાક અધિકારીઓ સામે તપાસ કરી ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે પરંતુ રાજકોટના એ વિસ્તારના કોર્પોરેટરો અને મેયર કે પદાધિકારીઓ સામે તપાસ કરવામાં આવી હતી પરંતુ પોલીસમાં ગુનાઓ દાખલ થયેલ નથી ફક્ત પૂછપરછ પણ કરી આવા કેટલાક સત્તાધીશોના કોર્પોરેટરોને ક્લીન ચીટ આપવામાં આવી હતી ત્યારે એ બાબત પણ ફેર તપાસ કરવી ઘટે.

રાજકોટ મહાનગરપાલિકા રાજકોટ શહેર પોલીસ તંત્રના સંકલનના અભાવે આ ગોઝારી ઘટનાની તપાસમાં ફિંડલુ વળી ગયું હોય એવું માગે છે અને પોલીસે તપાસનું ઠીકરું રાજકોટ મહાનગરપાલિકા ઉપર ફોડી દીધું હોય એવું લાગી રહ્યું છે.

ગેમ ઝોનમાં અગ્નિકાંડ ના પિડીતો ને ન્યાય અપાવવા માટે આજે સતત બીજા દિવસે કાર્યક્રમમાં રાજકોટ શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી અને રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાની આગેવાની હેઠળ આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. ભ્રષ્ટાચાર અને ભાજપ વિરુદ્ધમાં ભારે સૂત્રોચ્ચાર સાથે પોલીસ કમિશનર કચેરી ગજવી મૂકી હતી આજના કાર્યક્રમમાં ડો. હેમાંગ ભાઇ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, ગાયત્રીબા અશોકસિહ વાઘેલા, યુનુસભાઈ જુણેજા, ડી પી મકવાણા, સંજયભાઈ અજુડીયા, જગદીશભાઈ ડોડીયા, યજ્ઞેશભાઇ દવે, ગૌરવભાઈ પુજારા, કેતનભાઇ તાળા, જગદીશભાઈ ડોડીયા, અજીતભાઈ વાંક, દીપ્તિબેન સોલંકી, બિંદીયાબેન તન્ના, માવજીભાઈ રાખશીયા, બીપીનભાઇ રાઠોડ, દિલીપભાઈ આસવાણી, રાજુભાઈ ચાવડીયા, નયનાબા જાડેજા, દીપુબેન રવૈયા, જયાબેન ચૌહાણ, પુનમબેન રાજપૂત, પ્રવીણભાઈ કાકડીયા, મનીષાબા વાળા, જયાબેન ટાંક, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો કાર્ય કરો એ હાજરી આપી હતી.

# રાજકોટ ઝોનના કુલ ૫ જિલ્લાના ખેલાડીઓનો બેટરી ટેસ્ટ તા. ૨૨ થી ૩૦ મે સુધી રાજકોટ ખાતે યોજાશે

## રાજકોટ, દેવભૂમિ દ્વારકા, જામનગર,મોરબી, કચ્છના ખેલાડીઓ ભાગ લેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની કચેરી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષા બેટરી ટેસ્ટનું આયોજન ૮ ઝોનમાં કરવામાં આવ્યુ છે. જેમાં રાજકોટ ઝોન માં કુલ ૫ જિલ્લાના ખેલાડીઓ ભાગ લેશે. તમામ આયોજન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર - રાજકોટ જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવી છે. રાજ્યકક્ષાના બેટરી ટેસ્ટ અને રાજ્ય કક્ષા પ્રુવન ટેલેન્ટ આઈડેન્ટીફીકેશનનું આયોજન તા.૨૨/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૫/૨૦૨૫ સુધી ગુજરાતના ૮ કેન્દ્રો ખાતે યોજાશે.

રાજકોટ ઝોન ખાતે રાજકોટ, દેવભૂમિ દ્વારકા, જામનગર,મોરબી, કચ્છના ખેલાડી ભાઈઓ બહેનો આ બેટરી ટેસ્ટમાં ભાગ લેશે. ખેલાડીઓની રહેવાની-જમવાની વ્યવસ્થા સ્પોર્ટ્સ હોસ્ટેલ રાજકોટ ખાતે કરવામાં આવી છે. બાળકોના ટેસ્ટનું આયોજન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ-રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. એપ્રિલ દરમ્યાન ખેલ મહાકુંભ ૩.૦ હેઠળ યોજાનાર રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં ૧ થી ૩ ક્રમાંકિત વિજેતાઓને ડી.એલ.એસ.એસ યોજનામાં પ્રવેશ મેળવવા યોજાતી પી.ટી ટ્રાયલ માટે સીધા માન્ય ગણવામા આવે છે.

# સુજલામ સુફલામ, કેચ ધ રેઈન અભિયાન હેઠળ રાજકોટ જિલ્લામાં ૧૪૫ કામો મંજૂર કરાયાં

## જિલ્લામાં ૬૬ તળાવો ઊંડા ઉતારાશે, ૧૩ ચેકડેમોના રીપેરીંગ કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં ચોમાસાના પાણી થકી ભૂગર્ભ જળસંચય કરવાના મુખ્ય હેતુસર સુજલામ સુફલામ જળ અભિયાન -કેચ ધ રેઈન-૨.૦ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં હાલ જળસંપત્તિ વિભાગના ૧૪૫ જેટલાં કામો મંજૂર કરવામાં આવ્યા છે.

આ અભિયાન હેઠળ જળસંચયનાં જુદા-જુદા કામોનું આયોજન કરવા માટે હાલમાં યોજાયેલી બેઠકમાં જણાવાયું હતું કે, જિલ્લામાં વરસાદી પાણીના સંગ્રહ માટે જળસંપત્તિ વિભાગના વિવિધ પ્રકારના ૧૫૪ જેટલા કામોમાંથી ૧૪૫ કામો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં ચેકડેમ ડીશીલ્ટીંગનાં ૨૦ કામો, ચેકડેમ રીપેરીંગનાં ૧૩ કામોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૬૬ તળાવો ઊંડા ઉતારવામાં આવશે. એક નદીને પુનઃજીવિત કરવામાં આવશે, ૩૯ નદીઓ તથા એક વોકળાની સાફસફાઈ કરાશે.

અત્યાર સુધીમાં જળાશય ડીશીલ્ટીંગનાં ૦૨ કામો, બે તળાવના પાળા અને વેસ્ટ વિયરનું મજબુતીકરણની કામગીરી અને એક અનુશ્રવણ તળાવની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. જ્યારે ૧૦૨ કામો પ્રગતિ હેઠળ છે.

મહત્ત્વનું છે કે, આ કામોમાંથી ૬૭ કામો પંચાયત (લોકભાગીદારી)થી કરાશે, જ્યારે બે કામો પંચાયત વિભાગ દ્વારા થશે. ૬૧ કામો રાજ્ય (લોકભાગીદારી) તથા ૧૫ કામો રાજ્ય (વિભાગ) દ્વારા થશે.

# રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવી, પુષ્પાંજલિ કરતી શહેર કોંગ્રેસ સમિતિ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ રાજકોટના રેસકોર્સ સંકુલમાં એરપોર્ટ રોડ સામે આવેલ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની પ્રતિમાને ભાવભરી શ્રદ્ધાંજલિ સાથે પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.



આધુનિક ભારતના સ્વપન દ્રષ્ટા ભારતના પનોતા પુત્ર અને દેશના યુવા પૂર્વ વડાપ્રધાન આદરણીય રાજીવ ગાંધી ની પુણ્યતિથિ નિમિત્તે રાજીવ ગાંધી અમર રહો જબ તક સુરજ ચાંદ રહેગા રાજવીજી તેરા નામ રહેગા સ્લોગન સાથે રેસકોર્સમાં પુષ્પાંજલિના કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, કોર્પોરેટર કોમલબેન ભારાઈ, નાગજીભાઈ વિરાણી, જીગ્નેશભાઈ બોરડ, શાંતાબેન મકવાણા, અહેસાન ચૌહાણ, મનીષાબા વાળા, સલીમભાઈ કારિયાણી, વિક્રમભાઈ સોલંકી, લાખાભાઈ ઊંઘાડ, શાંતાબેન મકવાણા, જલ્પેશભાઈ વાઘેલા, ગીરીશભાઈ ઘરસંડીયા, રેણુકાબેન રાછડીયા, ઠાકરશીભાઈ ગજેરા, હરેશભાઈ ભારાઈ, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આરોપીને રાજકોટ અને જુનાગઢ જિલ્લામાંથી હદપાર કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમ દિનેશભાઈ ભીમજીભાઈ ડીયા (ઉ.વ.૨૮, રહે. ફરેણી રોડ, તા.ધોરાજી)ને ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નાગાજણ એમ.તરખાલાએ રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાંથી હદપાર જાહેર કર્યા છે.

આ શખ્સ માથાભારે અને તોફાની, તકરારી સ્વભાવના છે અને તે દારૂ પીવે છે અને દારૂનું વેચાણ પણ કરે છે તથા પ્રોહીબીશનના કાયદાનો વારંવાર ભંગ કરતા હોવાથી વર્ષ ૨૦૨૩થી ૨૦૨૪ સુધીમાં તેમની સામે પ્રોહીબીશન ધારાનો ભંગ કરવા અંગેના કુલ ૪ ગુન્હા નોંધાયેલ છે. અને ધોરાજી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબીશનના ૪ ગુન્હાઓ કોર્ટમા ચાલી જતા તેને સજાઓ થયેલ છે.

આ ગુનેગાર ગુનાહિત ઈતિહાસ ધરાવતો હોવાથી ભવિષ્યમાં પણ આવી ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખીને જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ બનશે અને તેની આવી ભયજનક પ્રવૃત્તિથી સમાજમાં નિર્દોષ લોકોમાં ભયનો માહોલ ઉભો થતો હોવાના કારણે જાહેર લોકોની સલામતી જાળવવા માટે તેને તાત્કાલિક હદપાર કરવાનું આવશ્યક જણાયું હતું.

આથી, જાહેર સુલેહ-શાંતિ વિરુદ્ધના કૃત્યો કરતા અટકાવવા માટે ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નાગાજણ એમ.તરખાલાએ તા. ૨૦/૦૫/૨૦૨૫ના રોજ ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ દિનેશભાઈ ભીમજીભાઈ ડીયાને ત્રણ માસ માટે રાજકોટ તથા જુનાગઢ જિલ્લાની હદમાંથી હદપાર કરવા હુકમ કર્યો છે.

# ગત વર્ષ કરતાં ૧૩૨ ટકા વધારે મહેસુલ આવક પ્રાપ્ત કરતી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી

## બિન અધિકૃત ખનીજ ખનનના ૨૮૮ કેસોમાં રૂ.૫ કરોડથી વધુની આવક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી-રાજકોટ ટીમ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે રૂ.૧૬.૭૨ કરોડની આવક કરી ગત વર્ષની સરખામણીએ કુલ ૧૩૨ ટકા વધુ મહેસુલી આવક મેળવાઇ છે. ગત નાણાંકીય વર્ષમાં રોયલ્ટી તેમજ અન્ય ઓનલાઈન આવક પેટે કુલ રૂ.૧૨.૬૯ કરોડની આવક થઇ હતી.


આ ઉપરાંત, ધી ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ ૨૦૧૭ મુજબ બિન અધિકૃત ખનીજ વહન, ખનન, સંગ્રહ અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૨૩૮ કેસોમાં રૂ.૩.૭૭ કરોડની આવકની સાપેક્ષે નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫ અન્વયે કુલ ૨૮૮ કેસોમાં રૂ.૫.૦૨ કરોડની આવક થઈ છે.

વધુમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પર્યાવરણીય નુકશાન પેટેના ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશનમાં કુલ રૂ.૧.૭૨ કરોડની આવકની સાપેક્ષે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે કુલ રૂ.૨.૨૪ કરોડની આવક થઈ છે.

આમ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ રૂ.૧૬.૫૦ કરોડની આવકની સાપેક્ષે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે કુલ રૂ.૨૧.૭૫ કરોડની આવક થઈ છે. જે ગત વર્ષની સાપેક્ષે ૧૩૨% વધુ મહેસુલી આવક પ્રાપ્ત કરવામાં આવી છે.

રાજકોટ જીલ્લા કલેક્ટર અને ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ પ્રભવ જોષીના નેતૃત્વમાં અને ભુસ્તરશાસ્ત્રી અંકિત ડી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા આ કામગીરી કરાઈ હતી.

# ઉપલેટા આઇ.સી.ડી.એસ ઘટક દ્વારા બાલક પાલક સર્જન કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા ઘટકના પાનેલી સેજામાં ''બાલક પાલક સર્જન કાર્યક્રમ'' યોજવામાં આવ્યો. જેથી કરી ને આંગણવાડીમાં બાળકોને કરાવવામાં આવતી પ્રવૃતિથી માતા-પિતા,વાલી, જન સમુદાય માહિતગાર થાય તેમજ વધુને વધુ બાળકો આંગણવાડીનો લાભ લે.આ કાર્યક્રમમાં CDPO મેડમ ઉર્વશીબા જાડેજા, PSE સાવનભાઈ મહીડા તેમજ મુખ્યસેવિકા દ્વારા વાલી અને બાળકો સાથે પ્રવૃતિ કરાવવામાં આવી તેમજ ICDS યોજના થી મળતા બાળકો ને લાભ વિશે વાલી સાથે ચર્ચા કરવામાં આવી.

# જામનગરની સ્પેશિયલ પોક્સો અદાલતે સગીરા પર દુષ્કર્મના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સ્પેશિયલ પોક્સો અદાલતે સગીરા પર દુષ્કર્મના કેસમાં આરોપી ધનંજય ઉર્ફે ધનો ઉર્ફે ધર્મેશ અમૃતલાલ જોશીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.આ કેસની વિગતો મુજબ, ૨૦૨૧માં આરોપી પીડિતાના ઘરની બાજુમાં ભાડાના મકાનમાં રહેતો હતો. પીડિતા તેના ઘરે રમવા જતી ત્યારે આરોપીએ તેની સગીર વયનો લાભ લઈને અવારનવાર તેની મરજી વિરુદ્ધ શારીરિક શોષણ કર્યું હતું.આ મામલે સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે IPC કલમ ૩૭૬(૨)(જે)(એન) અને પોક્સો એક્ટની કલમ ૪, ૬ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.કેસની સુનાવણી દરમિયાન પીડિતા, ફરિયાદી અને મેડિકલ ઓફિસરની જુબાની તેમજ ૩૦ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા સરકારી વકીલ જમન કે. ભંડેરીએ દલીલ કરી




હતી કે આવા ગુનાઓથી સગીર બાળાઓ પર જીવનભર માનસિક અસર પડે છે.કેસની એક નોંધપાત્ર બાબત એ છે કે પીડિતા પોતાના પરિવારથી કંટાળીને અમદાવાદથી સુરત જતી ટ્રેનમાં બેસી હતી. વડોદરા નજીક તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો, પરંતુ એક સેવાભાવી વ્યક્તિએ તેને બચાવી અને જામનગર પોલીસ સ્ટેશન સુધી લઈ જઈને ફરિયાદ નોંધાવવામાં મદદ કરી.ન્યાયાધીશ વી.પી. અગ્રવાલે આરોપીને ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે. દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા થશે. વિક્ટિમ કમ્પેન્સેશન સ્કીમ હેઠળ પીડિતાને રૂ. ૨ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

# બી.જી. ગરૈયા આયુર્વેદિક કોલેજ દ્વારા સૈનિક રાહત ફંડ પેટે કલેક્ટરને રૂ. ૫૧ હજારનો ચેક અર્પણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની બી.જી. ગરૈયા આયુર્વેદિક કોલેજ દ્વારા સૈનિક રાહત ફંડ પેટે કલેક્ટર પ્રભવ જોશીને રૂપિયા ૫૧ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે. તાજેતરમાં પાકિસ્તાને સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરતાં દેશની સરહદ પર તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી ત્યારે કોલેજ તરફથી મેડિકલ ઈમરજન્સીની સ્થિતિમાં દવાઓ, એમ્બ્યુલન્સ, ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ સહિતની સેવા માટે તૈયાર હોવાની ખાતરી આપવામાં આવી હતી. એન.જી.ઓ. સાથેની બેઠક બાદ કોલેજના ડાયરેક્ટર



વનરાજ ગરૈયા સહિતનાઓએ કલેક્ટરને સૈનિક રાહત ફંડ પેટે રૂ. ૫૧ હજારનો ચેક અર્પણ કર્યો હતો.

# ઉના ખાતે તિરંગા યાત્રા યોજાઈ

## ઓપરેશન સિંદૂર'માં સેનાએ અદમ્ય સાહસ દાખવી દેશને ગૌરવ અપાવ્યુ: આ તિરંગા યાત્રામા લોકો મોટી સંખ્યામાં જોડાયા: ભારતીય સેનાનો પ્રહાર આતંકવાદનો થયો સંહાર

**મુખ્ય સમાચાર, ઉના**
**અબ્દુલ પઠાણ**

તાજેતરમાં જ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર કરવામાં આવેલા આંતકવાદી હુમલાની જવાબી કાર્યવાહીમાં ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર 'ના પ્રહારથી દુશ્મનોને ધૂળ ચાટતા કરી, ભારતીય સેનાએ દુનિયાભરમાં દેશના ગૌરવ અને તિરંગાની શાનમાં વધારો કર્યો છે. સેનાના આ અપ્રતિમ સાહસના સમ્માન માટે ઉના ચેમ્બર ઓફ કોમર્સ તેમજ ઉનાના માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ (કે.સી.રાઠોડ) ના સહયોગથી ઉના ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. આ તિરંગા યાત્રા ઉના નગરપાલીકા ભવન થી લઈ ત્રિકોણ બાગ, ટાવર ચોક, મેઈન બજાર, વડલા ચોક, બસ સ્ટેન્ડ તેમજ ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના કાર્યાલયે પુર્ણ કરવામાં આવી હતી. તિરંગા યાત્રા પુર્ણ થયા બાદ ધારા-



સભ્યશ્રી કાળુભાઈ રાઠોડના કાર્યાલયે તમામ કાર્યકર્તાઓ ને વેપારી ભાઈઓને ઠંડા પીણા પીવડાવી અને કાર્યક્રમને પુર્ણ જાહેર કર્યો હતો. આ તિરંગા યાત્રામાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના પ્રતિનિધિ તરીકે તેમના પુત્ર વિજયભાઈ રાઠોડ, રવિભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, ચેમ્બર ઓફ કોમર્સ ના મહામંત્રીશ્રી તેમજ પુર્વ શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લખમણભાઈ બાંભણીયા, ઉના નગરપાલીકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, શહેર ભાજપ મહામંત્રી કાંતિભાઈ છગ, કિરીટભાઈ વાજા, તાલુકા ભાજપ મહામંત્રી ગંભીરસિંહ ગોહિલ તેમજ તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલીકાના સદસ્યઓ, સંગઠનના હોદેદારો, દરેક ગામના સરપંચઓ, ઉના શહેરના નાના-મોટા વેપારી ભાઈઓ તેમજ ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માળીયા(મી) ઓનેસ્ટ ચેકપોસ્ટ નજીક બ્રેજા કારમાંથી વિદેશી દારૂની ૩૩૩ બોટલ સાથે ચાલકની અટક, માલ મોકલનારની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) કચ્છ તરફથી બ્રેજા કારમાં વિદેશી દારૂ આવતો હોવાની પૂર્વ બાતમીને આધારે માળીયા(મી) પોલીસ ઓનેસ્ટ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન નંબર પ્લેટ વિનાની બાતમી મુજબની બ્રેજા કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૩૩૩ નંગ બોટલ મળી આવી હતી, આ સાથે પોલીસે કાર, વિદેશી દારૂ તથા એક મોબાઈલ સહિત ૮.૦૪ લાખનો મુદ્દામાલ કબ્જે લઈને આરોપી રાજસ્થાની કાર ચાલકની અટક કરવામાં આવી છે, જ્યારે ગાંધીધામ કચ્છથી વિદેશી દારૂ ભરી આપનારનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

માળીયા(મી) સર્વેલન્સ પોલીસ ટીમ પેટ્રોલીંગમા હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે, કચ્છ તરફથી એક સફેદ નંબર પ્લેટ વગરની મારૂતી બ્રેઝા કારમાં ઈંગ્લીંશ દારૂનો જથ્થો ભરી મોરબી તરફ આવે છે તેવી ચોકકસ હકિકત આધારે માળીયા(મી) ઓનેસ્ટ પોલીસ ચેકપોસ્ટ પાસે કચ્છ મોરબી હાઈવે રોડ ઉપર વોચ ગોઠવી હતી, ત્યારે હકિકત વાળી કાર મળી આવતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ-૩૩૩ કિ.રૂ.૩,૮૯,૭૦૦/-ના મુદામાલ સાથે કાર ચાલક આરોપી સુરેશભાઇ અજાભાઇ ચૌધરી ઉવ.૧૯ રહે.



કુડલા તા.જી.બાડમેર (રાજસ્થાન) વાળાની અટક કરવામાં આવી હતી, જ્યારે અન્ય એક આરોપી સુરેશ ચુન્નારામ (મેઘવાલ) રહે.હાલ-ગાંધીધામ મુળ રહે.ચો.ચોહટન જી.બાડમેર (રાજસ્થાન) વાળાનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી માળીયા(મી) પોલીસે વિદેશી દારૂ, કાર તથા એક આઈફોન મોબાઈલ સહિત રૂ.૮,૦૪,૭૦૦/- નો મુદ્દામાલ ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# આઇપીએલની ફાઈનલ અમદાવાદમાં રમાશે

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ભારતીય ક્રિકેટ બોર્ડે વર્તમાન આઇપીએલ સીઝનના પ્લેઑફ રાઉન્ડની મેચોનાં નવાં વેન્યુની જાહેરાત કરી હતી. બોર્ડની જાહેરાત અનુસાર ટુર્નામેન્ટના એક અઠવાડિયાના સ્થગિત થયા પહેલાં હૈદરાબાદ અને કલકત્તા પ્લેઑફ મેચનું આયોજન કરવાનાં હતાં. હવામાન પરિસ્થિતિઓ અને અન્ય પરિમાણોને ધ્યાનમાં રાખીને આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા પ્લેઑફ માટે નવાં સ્થળો ન્યુ ચંડીગઢ અને અમદાવાદ નક્કી કરવામાં આવ્યાં છે.

ન્યુ ચંડીગઢના મુલ્લાનપુરસ્થિત નવા સ્ટેડિયમમાં ક્વોલિફાયર-વન (૨૯ મે) અને એલિમિનેટર (૩૦ મે)ની મેચ રમાશે. ૨૦૨૪થી આ સ્ટેડિયમમાં ૯ જેટલી આઇપીએલ મેચ રમાઈ છે અને પહેલી વાર પ્લેઑફ મેચની યજમાની કરશે. જ્યારે ક્વોલિફાયર-ટૂ (એક જૂન) અને ફાઇનલ મેચ (ત્રણ જૂન)ની યજમાની અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને મળી છે. અમદાવાદસ્થિત વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં ૨૦૨૨ અને ૨૦૨૩ની આઇપીએલ ફાઇનલ મેચ સહિત ઘણી પ્લેઑફ મેચ રમાઈ હતી.

# સીઝફાયર બાદ પ્રવાસન સ્થળો ધમધમ્યા

**મુખ્ય સમાચાર, જામખંભાળીયા**

હાલમાં ચાલી રહેલા ઉનાળું વેકેશનમાં ઓપરેશન સીન્દુરના દિવસોમાં સમગ્ર દ્વારકા પંથકમાં યાત્રાળુંઓના પ્રવાહમાં નોંધપાત્ર ઘટાડો થયા બાદ આ વખતના વીક-એન્ડથી ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત દેવભૂમિ દ્વારકાનો શિવરાજપુર બીચ ખાતે ઉનાળુ વેકેશનમાં બહોળી સંખ્યામાં સહેલાણીઓ બેનમૂન બીચની મુલાકાતે આવી રહ્યા છે. યાત્રાધામ દ્વારકા તથા બેટ દ્વારકા વચ્ચે આવેલા રાજ્યનું હોટ ફેવરીટ પ્રવાસન સ્થળ પૈકીના એક એવા શિવરાજપુર બીચ ખાતે આવતાં પ્રવાસીઓને લીધે સમગ્ર દ્વારકા ક્ષેત્રના પ્રવાસનને પુન વેગ મળી રહ્યો છે. મે મહિનાના પાછ્લા પખવાડિયામાં હજારો સહેલાણીઓ બ્લ્યુ ફ્લેગ બીચ તથા આસપાસની યાત્રીકલક્ષી સુવિધાઓ અને બાળકો યુવાનો માટે આકર્ષણ જગાવતી સુવિધાઓની મોજ માણી રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જેતપુરમાં આડા સબંધના કારણે કુખ્યાત શખ્સની હત્યા કરનાર બે મહિલા સહિત છ ઝડપાયા



### પાસામાંથી છુટેલા યુવાનનું પડોશી પરિવારે હુમલો કરી ઢીમ ઢાળી દીધુ હતુંઃ પોલીસે ગણતરીની કલાકોમાં હત્યારાઓને દબોચી લીધા

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના ગોંડલ દરવાજે રહેતા અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા સાજીદ હાજી શેખ ની આડા સંબંધોને કારણે હત્યા થયા બાદ જેતપુર સીટી પોલીસે ગણતરીની કલાકોમાં બે મહિલા સહિત છ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વિગત એવી જાણવા મળે છે કે ફૂલવાડી ચાંદની ચોકમાં કોઈ મૃતદેહ પડેલો હોવાથી તેમને ૧૦૮ મારફતે સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા ત્યારે પોલીસને જાણ કરતા દોડી આવેલ અને પોલીસે તપાસ શરૂ કરવામાં આવી. આ બનાવમાં મરણ જનાર ના દીકરા સાજીદ ઉપર હુમલો કરી તેમને માથાના ભાગે ઇજા કરી તેમનું મોત નિપજાવેલ છે. પિતા હાજી શાહ અલીશા શેખે ફરિયાદ નોંધાવી છે કે ગોંડલ દરવાજે તેમની બાજુમાં રહેતા સુનિલ કરર્શન કટારીયા, શર્મિલાબેન તથા કરસનભાઈ કટારીયા, જયાબેન, મુકેશ, ધવલ, વગેરે એ એક સાથે મળી તેમના સાજીદ ને આડા સંબંધો હોવાને કારણે એકાદ વર્ષ પહેલા પણ આ પરિવાર સાથે માથાકૂટ થઈ હતી અને એસ્ટ્રોસિટી ની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી ગઈકાલે ફરી મારામારી થતા સાજીદ ઉપર હુમલો થતાં તેમનું મૃત્યુ થયું છે સાજીદ હજુ હમણાં જ પાશામાંથી છૂટીને આવ્યો છે ગઈ રાત્રે તેમને ઈજા થતાં જે સરકારી દવાખાને સારવાર માટે આવ્યો હતો પણ સારવાર થાય તે પહેલા જ ગમે તે કારણોસર સરકારી હોસ્પિટલમાંથી ચાલ્યો ગયો હતો અને સવારે તેમને મૃતદેહ મળી આવેલ છે આ અંગે સીટી પોલીસે તપાસ શરૂ કરી હતી. હત્યાના બનાવની ગંભીરતાને ધ્યાને લઇ પીઆઇ વી.સી.પરમારની સુચનાથી ટીમના માણસોએ બાતમીદારોનું નેટર્વક કામે લગાડી ગણતરીની કલાકોમાં જ હિસ્ટ્રીસીટર શખ્સની હત્યા કરનાર સુનીલ ઉર્ફે સુની કરશન કટારીયા, સરમીલા સુનીલ કટારીયા, કરશન ચના કટારીયા, જયા કરશન કટારીયા, મુકેશ કાન્તી કટારીયા, ધવલ ઉર્ફે બકરો કિશોર દેગડા સહિત છ શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભક્તિનગર વિસ્તારમાં ચાર વર્ષના બાળક સાથે પાડોશી વૃધ્ધનો દૂષ્કર્મનો પ્રયાસ

### બાળકને ખોળામાં બેસાડીને શારીરિક કૂચેષ્ટા કર્યાના આરોપસર નોંધાઇ પોલીસ ફરિયાદઃ વૃધ્ધને સકંજામાં લઇ પૂછતાછ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભક્તિનગર વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં રહેતા મોબાઈલ ફોન ધંધાર્થીના ચાર વર્ષિય પુત્રની સાથે પાડોશમાં રહેતા વૃધ્ધે વિકૃત કૂચેષ્ટા કરી કૂકર્મ કરવાનો પ્રયાસ કર્યાના આરોપસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ૬૫ વર્ષિય વૃધ્ધને સકંજામાં લઈ પૂછ્તાછ હાથ ધરી છે.

આ અંગેની પ્રાથમિક વિગતો મુજબ મોબાઈલ ફોન ધંધાર્થી ફ્લેટમાં રહે છે. પોતાના જ ફ્લેટના ફ્લોર પર પાડોશમાં રહેતા પરિવારને ત્યાં ચાર વર્ષનો પુત્ર રમવા આવતો જતો હોય છે. બે દિવસ પૂર્વે પાડોશી વૃધ્ધના પુત્રી ઘરે આવ્યા હતા ત્યારે તેની સાથે ચાર વર્ષનો પુત્ર તેમના ઘરે રમવા પહોંચ્યો હતો. રમીને ઘરે આવ્યા બાદ બાળકે તેની માતાને કહ્યું કે દાદાએ ખોળામાં બેસાડીને તેમનું પીપી અડાડયું હતું. આ વાત સાંભળીને મહિલા ચોંકી ઉઠી હતી. પતિને જાણ કરી હતી જેથી દંપત્તી પાડોશીના ઘરે ગયા હતા જ્યાં પાડોશી વૃધ્ધે કરેલી હરકત બાબતે તેમના પરિવારજનોને ફરિયાદ કરી હતી. વૃધ્ધે પોતે કાંઈ ન કર્યાનું કહ્યું હતુ જેથી વૃધ્ધના પત્ની પુત્રની હાજરીમાં બાળકને પૂછ્યું હતું.

બાળકને પહેલાં પૂછ્યું કે ત્યાં શું જમ્યો હતો સહિતની વાતો કરી હતી. ત્યારબાદ પૂછ્યું કે દાદાએ શું કર્યુ હતુ તો બાળકે ખોળામાં બેસાડી વૃધ્ધષ બાળકની ચડ્ડી ઉતારી કૂચેષ્ટા કર્યાની વાત કરી હતી. જો કે પાડોશી શખસે પોતે આવું કાંઈ ન કર્યાનું જ રટણ કર્યું હતું. અંતે બાળકના પિતાએ ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઈન્ચાર્જ પીઆઈ પી.આર. ડોબરિયા, રાઈટણ નિલેશભાઈ મકવાણા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી છે. જાણવા મળ્યા મુજબ વૃધ્ધને સકંજામાં લઈ પૂછ્તાછ કરાઈ હતી. જે વખતે બનાવ બન્યો એવી ફરિયાદ કરી છે એ સમયે ઘરના બધા સભ્યો હાજર હતા. વૃધ્ધે પોલીસ સમક્ષ પણ કાંઈ કર્યું જ ન હોવાનું રટણ ચાલુ રાખ્યું હોવાનું જાણવા મળે છે.

# વાલ્મીકી વાડીનો કુખ્યાત ઈશમ સહિત બે શખ્સો પાસામાં ધકેલાયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયના ગૃહ વિભાગ દ્વારા ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી કરવા અને તેઓ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણો દુર કરવાની સુચનાના પગલે રાજકોટ પોલીસે ૩૮ જેટલા ગુન્હેગારોના ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવી દીધા બાદ રાજકોટ શહેર પોલીસે વાલ્મીકી વાડીના કુખ્યાત ઈશમ સહિત બે શખ્સોને પાસામાં સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર વાલ્મીકી વાડી શેરી નં.૨માં રહેતો નામચીન કમલેશ ઉર્ફે લાલુ ઉર્ફે જાંબુ કાળુ પરમાર નામનો શખ્સ અગાઉ અનેકવાર ગંભીર ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકયો હોય આ શખ્સનો ઇ-ગુજકોપ પ્રોજેકટમાં આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ ચેક કરી પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી વડી કચેરીએ મોકલાવવામાં આવતા પીસીબી શાખા દ્વારા જરૂરી કાર્યવાહી કરી અને તેના પર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મહોર લગાવી દેતા આ નામચીન કમલેશ પરમારને પાસામાં સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. જયારે વાહન ચોરીના ગુન્હાઓમાં સંડોવાયેલા અને અનેક વાર પોલીસ ચોપડે ચડી ચુકેલો રૈયાધાર મફતીયાપરામાં રહેતો રીક્ષા ચાલક હમીર કરમણ કુવરીયા નામના શખ્સને ગાંધીગ્રામ-૨ યુની. પોલીસે દબોચી લઇ પાસાના કાગળો તૈયાર કરી વડી કચેરીએ મોકલાવવામાં આવતા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાસાનું વોરન્ટ ઈશ્યુ કરતા આ શખ્સને પાસામાં સુરત લાજપોર જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# વેપારીએ SBI બેંક સાથે કરી ૫૯.૭૨ લાખની છેતરપિંડી

### ક્રેડીટ સોસાયટીની લોન પર લીધેલી મિલકતના ખોટા સોગંદનામા કરી ઠગાઈ કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરનાં જવાહર રોડ પર આવેલી એસબીઆઈ બેંકમાંથી રૂા.૫૯.૭૨ લાખની લોન લઈ છેતરપીંડી આચર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. રૈયા રોડ પર રહેતાં વેપારીએ ક્રેડીટ સોસાયટીમાંથી જે મિલકત ઉપર ૩૨ લાખની લોન લીધી હતી તે મિલકત ઉપર ખોટુ સોગંદનામું કરી એસબીઆઈ બેંકમાંથી લોન મેળવી બાદમાં હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. એક જ મિલકત ઉપર ખોટુ સોગંદનામુ કરી બે સ્થળેથી લોન મેળવી છેતરપીંડી આચરતા વેપારી સામે એસબીઆઈના આસીસ્ટન્ટ જનરલ મેનેજર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ, રૈયા રોડ પર અક્ષર એપાર્ટમેન્ટમાં રહેતાં અને સરદારબાગ સર્કીટ હાઉસ સામે આવેલી એસબીઆઈ બેંકમાં આસીસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતાં કનકસિંહ રઘુવીરસિંહ ઝાલા (ઉ.૫૨)એ એ-ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રૈયા રોડ પર સમૃધ્ધિ પાર્ક શેરી નં.૧માં આવેલા શાંતિ બંગ્લોઝમાં રહેતા વેપારી સચીન ચુનીલાલ જટાણીયાનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી સચિનભાઈએ ગત તા.૧૫-૧૧-૨૦૧૮નાં જવાહર રોડ પર આવેલી એસબીઆઈની જીમખાના શાખામાં પોતાનું એલ.એન્ડ ટી કંપનીમાંથી પોતાની હોમ લોન ટેકઓવર કરવા માટે અરજી કરી હતી. જેની ઓનલાઈન પ્રોર્સિઝર પુરી કરી આરોપી રૂા.૧૨ લાખની હોમ લોન તા.૨૦-૧૧-૨૦૧૮નાં ટેકઓવર કરી હતી.

ત્યારબાદ સચિનભાઈએ ટોપઓપ લોન લેવા માટે અરજી કરતાં તા.૧-૯-૨૦૨૧નાં રૂપિયા ૨૧.૨૨ લાખની હાઉસીંગ લોન અને ત્યારબાદ રૂા.૨૬.૫૦ લાખની ટોપઓપ લોન આપી હતી. બાદમાં વર્ષ ૨૦૨૧માં રાજકોટમાં આવેલી ધનેશ ક્રેડીટ કો ઓપરેટીવ સોસાયટીમાંથી એસબીઆઈ બેંકમાં લેટર આવેલો જેમાં એસબીઆઈ બેંક દ્વારા આરોપી સચિનભાઈને જે મિલકત ઉપર હોમ લોન આપી છે તે જ મિલકત ઉપર તેમણે ધનેશ કેડીટ સોસાયટીમાંથી પણ લોન લીધી હોવાનું જણાવાયું હતું. જેથી બેંક દ્વારા તપાસ કરતાં સચિનભાઈએ એસબીઆઈ બેંકમાં ગીરવે મુકેલી મિકલત ઉપર ધનેશ ક્રેડીટ સોસાયટીમાંથી રૂા.૩૨ લાખની લોન લીધી હોવાનું જાણવા મળ્યું હતું.

આરોપી સચિનભાઈએ એસબીઆઈ બેંકમાંથી લોન લેતી વખતે સોગંદનામુ રજુ કર્યુ હતું જેમાં તેણે આ મિલકત ઉપર અન્ય કોઈ જગ્યાએ લોન લીધી ન હોવાનું જણાવ્યું હતું. આમ તેમણે ખોટુ સોગંદનામુ કર્યું હોવાનું સામે આવ્યું હતું. આરોપીએ એસબીઆઈ બેંકમાંથી લીધેલી રૂા.૫૯.૭૨ લાખની હોમલોન અને ટોપઓપ લોન લઈ તેના હપ્તા ભરવાનું બંધ કરી દેતાં ખાતુ એનપીએ થઈ ગયું હતું. જેથી બેંક દ્વારા સચિનભાઈના મકાનનો કબજો વર્ષ ૨૦૨૩માં લઈ લીધો હતો. આમ આરોપી સચિનભાઈએ તેની મિલકત ઉપર ક્રેડીટ સોસાયટીમાંથી લોન લીધી હોવા છતાં એસબીઆઈ બેંકમાં ખોટુ સોગંદનામુ કરી ૫૯.૭૨ લાખની લોન મેળવી આ લોન પરત ન ચુકવી બેંક સાથે ઠગાઈ કરી હતી. જે અંગે એ-ડીવીઝન પોલીસે એસબીઆઈ બેંકના આસીસ્ટન્ટ જનરલ મેનેજરની ફરિયાદ પરથી આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ.આર.ચાવડા ચલાવી રહ્યાં છે.

# જામનગર- રાજકોટ હાઈવે પર બાઈક સવારોનો જોખમી સ્ટંટ

### નવાગામ ઘેડના ૨૦ જેટલા યુવાનોએ મધરાત્રે ખેલ કર્યા'તા; વીડિયો વાઈરલઃ ટ્રક સાથે અથડાતા યુવકને ઈજા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર- રાજકોટ ધોરી માર્ગ પર ખીજડીયા ગામના પાટીયા પાસે શનિવારે રાત્રે જામનગર તરફ આવી રહેલું એક બાઈક એક ટ્રક સાથે અથડાઈ પડતાં અકસ્માત સર્જાયો હતો, - અને બાઈકના ચાલક અંકિત દિલીપભાઈ મકવાણા નામના ૧૮ વર્ષના યુવાનને ગંભીર ઈજા થઈ હતી, અને તેને લોહી લુહાણ હાલતમાં એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, અને હાલ તેની આઈ.સી.યુ.વિભાગમાં સઘન સારવ-ાર ચાલી રહી છે.

આ બનાવની જાણ થતા પંચકોપી એ. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ભાવેશભાઈ લાંબરીયા બનાવના સ્થળે તેમજ જીજી હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને સમગ્ર અકસ્માતના બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. ઈજાગ્રસ્ત યુવાન અંકિત મકવાણા કે જે જામનગરમાં નવાગામ ઘેડ- હનુમાન ચોક વિસ્તારમાં રહે છે, તેની સાથેના અન્ય ૨૦ જેટલા યુવાનો કે જેઓ શનિવારે રાત્રે લેયારા નજીક એક ઉર્ષના કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગયા હતા, અને ત્યાંથી તમામ યુવાનો પોત પોતાના બાઈક ની રેસ કરીને જામનગર પરત ફરી રહ્યા હતા, જેમાં એક યુવાન પોતાના મોબાઈલ ફોનમાં વિડીયો પણ ઉતારી રહ્યો હતો. જે દરમિયાન અંકિત મકવાણા એક ટ્રક સાથે અથડાઈ પડ્યો હતો, જેનો પણ વિડિયો બનાવ્યો હતો, અને સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. સમગ્ર અકસ્માત મામલે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# ગાયકવાડીમાં હેરોઇનના જથ્થા સાથે વિધર્મી શખ્સને દબોચી લેતી એસઓજીની ટીમ

### પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી દબોચી લઇ રૂ.૩.૬૭ લાખનો ૭૩.૫૨૦ ગ્રામ માદક પદાર્થનો જથ્થો કબ્જે કર્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં શાળા-કોલેજની બહાર માદક પદાર્થોનું પુરજોશમાં વહેંચાણ થતું હોવાના કારણે પોલીસ દ્વારા નાર્કોટીશ પદાર્થોનું વહેંચાણ અટકાવવા (SAY NO TO DRUGS) મીશન શરૂ કર્યુ હોય અને આ મીશન અંતર્ગત શહેરમાં માદક પદાર્થનું ખરીદી-વહેંચાણ કે સેવન કરતા શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય જેના પગલે એસઓજીની ટીમે જંકશન પ્લોટમાં આવેલ ગાયકવાડી શેરી નં.૪ના ખુણે વોકળા પાસેથી હેરોઇનના જથ્થા સાથે વિધર્મી શખ્સને દબોચી લઇ રૂ.૩.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજાની સુચનાથી પીએસઆઇ એસ.બી.ધાસુરા અને તેની ટીમના એએસઆઇ વિરેન્દ્રસિંહ, અરૂણભાઇ, હેડ કોન્સ. હરદેવસિંહ તથા યોગરાજસિંહ સહિતનો સ્ટાફ જંકશન પ્લોટ વિસ્તારમાં પ્રેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ગાયકવાડી શેરી નં.૪ના ખુણે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન વોકળાના કાંઠે આવેલ આયન મંઝીલ મકાનની બહાર એક શખ્સ શંકાસ્પદ ઉભો હોય પોલીસે તેને દબોચી લઇ નામ ઠામ પુછતા પોતે શાહરૂખ ઉર્ફે ડોનુ અમીન વિકયાણી (ઉ.વ.30) હોવાનું અને પોલીસે તેની અંગઝડતી લેતા તેના કબ્જામાંથી માદક પદાર્થ હેરોઇન ૭૩.૫૨૦ ગ્રામ કિંમત રૂ.૩.૬૭ લાખનો મુદ્દામાલ મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# રાજકોટ શહેર પોલીસ દ્વારા આયોજિત સમર સ્પોર્ટ્સ કેમ્પ સંપન્ન

### ક્રિકેટ, બાસ્કેટબોલ, સ્કેટિંગ સહિતની રમતમાં પોલીસ પરિવારના ૧૫૫ બાળકોએ ભાગ લીધો, મોબાઈલથી બાળકોને દુર રાખવા હોય તો સ્પોર્ટ્સ જરૂરી પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા પોલીસ પરિવાર માટે સ્પોર્ટ્સ કોચિંગ સમર કેમ્પ ૨૦૨૫નું આયોજન પોલીસ હેડ ક્વાટર ખાતે કરવામાં આવ્યું હતું જેમાં બાળકો સહીત ૧૫૫ જેટલા લોકોએ ક્રિકેટ, ફૂટબોલ, બાસ્કેટબોલ, સ્કેટિંગ સહિતની રમતોમાં ભાગ લીધો હતો આજે સમાપન સમારોહ યોજાયો હતો જેમાં સીપીએ જણાવ્યું હતું કે બાળકો સહિત દરેક લોકોને મોબાઈલના વળગણથી દુર રાખવા સ્પોર્ટ્સ જરૂરી છે.

રાજકોટ પોલીસ હેડ ક્વાટર ખાતે તારીખ ૫ મેંથી ૧૬ મેં સુધી સ્પોર્ટ્સ કોચિંગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આજે આ કેમ્પનો સમાપન સમારોહ યોજાયો હતો જેમાં પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે હાલના સમયમાં બાળકોથી લઈ મોટા લોકોને મોબાઈલના નશામાંથી બહાર લાવવા જરૂરી છે તેના માટે સ્પોર્ટ્સ એક્ટીવીટી ખુબ જ જરૂરી છે જો લોકો રમત ગમતના નશામાં ચડશે તો મોબાઈલથી દુર થઇ જશે રમત ગમતથી ટેન્શન મૂક્ત જીવન જીવી શકાય છે ગૃપ ભાવના કેળવાય તેહેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું કેમ્પમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને પ્રમાણપત્ર, ઈનામ અને ટી-શર્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ગરમી મે ઠંડીકા અહેસાસ...



તસવીર : આનંદ જાવીયા

શહેરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબ્યો છે. સુર્ય નારાયણનો પ્રકોપ દિવસેને દિવસે વધી રહ્યો છે ત્યારે શહેરીજનો બપોરના સમયે બહાર નિકળવાનું ટાળી ઓફિસમાં કે ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે તો બીજી તરફ નાના-નાના ભુલકાઓ વેંકેસનના આનંદ સાથે ગરમીની મજા પણ લઇ રહ્યા છે. ઘરમાં રહેવાને બદલે ગરમીથી બચવા સોરઠીયાવાડી સર્કલમાં આવેલ કુવારાના પાણીમાં ધુબકા મારી ઠંડા પાણીની મોજ ઉઠાવી રહ્યા છે.

# ભોલેનાથ સોસાયટી માં સ્કૂટર ધીમું ચલાવવાનું કહેતાં યુવક પર ખૂની હુમલો

### નાના બાળકો શેરીમાં રમી રહ્યા હોય સ્કૂટરચાલકને ટપારતાં જ પિતરાઇ ભાઇને બોલાવી યુવાન પર છરીથી તૂટી પડ્યોઃ બન્નેની ધરપકડ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માં ભોલેનાથ સોસાયટી શેરી નં.૨માં સ્કૂટર ધીમું ચલાવવાનું કહેતાં જ યુવકની હત્યાનો પ્રયાસ થતાં ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ નોંધાતાં જ પોલીસે બે હુમલાખોરને પકડી પાડ્યા હતા.

આ અંગે જેની હત્યાનો પ્રયાસ થયો તે ઘુસાભાઈ ગીગાભાઈ જાદવના પત્ની સોનલબેને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે સોમવારે રાત્રે ૧૦30 વાગ્યા આસપાસ તેઓ પતિ ઘુસાભાઈ તેમજ પાડોશી સાથે શેરીમાં ઉભા હતા અને નાના બાળકો શેરીમાં રમી રહ્યા હતા ત્યારે જ આગળના વિસ્તારમાં રહેતો મનિષ લોધા પોતાનું સ્કૂટર લઈને પૂરપાટ ઝડપે પસાર થતાં ઘુસાભાઈએ તેને ઉભો રાખી ગાડી આટલી ઝડપથી ન ચલાવવાનું કહેતાં જ મનિષ ગાળો બોલવા લાગ્યો હતો. તેને ગાળ બોલવાની ના પાડતાં મનિષે તેના માસીના દીકરા ૠત્વીક ઉર્ફે દાદુ લોધાને ફોન કરી બોલાવી ઘુસાભાઈને લઈ માઝાકૂટ શરૂ કરતાં ૠત્વીકે ઘુસાભાઈને પકડી રાખ્યા અને મનિષે તેની પાસે રહેલી છરી કાઢી ઘુસાભાઈને પીઠમાં આડેધડ છરીના ઘા મારી ફરાર થઈ ગયા હતા. આ પછી પતિને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમના ઉપર જીવલેણ ઈજા થઈ હોવાનુંસામે આવતાં પોલીસે હત્યાની પ્રયાસનો ગુનો નોંધી મનિષ અને તેના ભાઈ ૠત્વીકની ધરપકડ કરી હતી.

# દિવ્ય કલમ સાપ્તાહિકના માલિક-તંત્રી અભીજીત બારૈયાની લાડકવાઇ પુત્રી રિયાનો આજે જન્મદિવસ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટથી દર સોમવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક દિવ્યકલમ અખબારના માલિક-તંત્રી અને શહેર જીલ્લા પત્રકાર એન્ડ પ્રેસ ફોટોગ્રાફર એસોશિએશનમાં હાલ મંત્રી તરીકે સેવા આપી રહેલા અભીજીત બારૈયાની લાડકવાઇ પુત્રી રિયાનો આજે જન્મદિવસ છે. પિતાની લાડકીને ભાઈની હુબેહુબ કોપી એવી રિયાને માતા-પિતા અને બારૈયા પરિવારના સભ્ય દ્વારા જન્મદિવસની શુભકામના પાઠવવામાં આવી છે. આ તકે મુખ્ય સમાચાર પરિવાર રિયાને જન્મદિવસની હાર્દિક શુભકામના પાઠવી રહ્યું છે.